
૧
આત્મધર્મ
માસિક : વર્ષ-૧૧ * અંક-૮ * એપ્રિલ ૨૦૧૭
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો
૧૨૮મો
જન્મજયંતી મહોત્સવ

## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જ્ઞાન પુરુષકો હોતા હૈ ઔર પુરુષ હી વિનય સંયુક્ત હો સો જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ, જબ જ્ઞાનકો પ્રાપ્ત કરતા હૈ તબ ઉસ જ્ઞાન દ્વારા હી મોક્ષમાર્ગકા લક્ષ્ય જો ''પરમાત્માકા સ્વરૂપ'' ઉસકો લક્ષતા—દેખતા—ધ્યાન કરતા હુઆ ઉસ લક્ષ્યકો પ્રાપ્ત કરતા હૈ. ૧૬૦૬. *(શ્રી કુંદકુંદાચાર્ય, બોધપાહુડ, ગાથા-૨૨)*

● જેમ રોગીને સચ્ચીકણ ધૃતાદિ અલ્પ પણ કુપથ્ય સેવનમાત્ર રોગની જ અભિવૃદ્ધિ કરે છે, પરંતુ એ કુપથ્ય વર્જી યોગ્ય ઔષધિનું સેવન કરે તો રોગ ઉપશાંત પામે. તેમ હે ભવ્ય! અલ્પ પણ વિષયાભિલાષપણું અનર્થકારક ભયંકર વ્યાકુળતારૂપ રોગની વૃદ્ધિ કરે છે. પરંતુ એ વિષયાભિલાષપણારૂપ કુપથ્યને છોડી નિર્ગ્રંથ પુરુષોના પવિત્ર વચનામૃતરૂપ પરમૌષધને તથારૂપ પ્રકારે તું ગ્રહણ કરે તો એ અનાદિ આકુળતારૂપ રોગ ઉપશાંત પામે. ૧૬૦૭.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૧)*

● રૂપમેં લીન હુએ પતંગ-જીવ દીપકમેં જલકર મર જાતે હૈં, શબ્દ વિષયમેં લીન હિરણ વ્યાઘ્રકે બાણોંસે મારે જાતે હૈં, હાથી સ્પર્શ વિષયકે કારણ ગઢ્ઢેમેં પડકર બાંધે જાતે હૈં, સુગંધકી લોલુપતાસે ભૌરેં કાંટોમેં યા કમલમેં દબકર પ્રાણ છોડ દેતે હૈં ઔર રસકે લોભી મચ્છ ધીવરકે જાલમેં પડકર મારે જાતે હૈં. એક-એક વિષય—કષાયકર આસક્ત હુએ જીવ નાશકો પ્રાપ્ત હોતે હૈં, તો પંચેન્દ્રિયકા (પંચ-ઇન્દ્રિય વિષયોંમેં આસક્ત જીવકા) કહના હી ક્યા હૈ? ઐસા જાનકર વિવેકી જીવ વિષયોમેં ક્યાં પ્રીતિ કરતે હૈં ? કભી નહીં કરતે. ૧૬૦૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, શ્લોક-૧૧૨)*

● વ્રત, તપ, ક્રિયા જહાં દેખી જાતી હૈ તથા શાસ્ત્રોંકા ભી પૂર્ણ જ્ઞાન હૈ ઔર વહ અનેક અપ્રિય કષ્ટ ભી સહતા હૈ પરંતુ યદિ ગારવપના ભાવોંમેં હૈ તો ઉસકા વાસ નિગોદમેં હોતા હૈં. ૧૬૦૯. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૧૬૮)*

● લોકોના સંસર્ગથી વચનની પ્રવૃત્તિ થાય છે, વચનપ્રવૃત્તિથી મનની વ્યગ્રતા થાય છે, તેનાથી ચિત્તમાં વિવિધ પ્રકારના વિકલ્પો ઊઠવા લાગે છે, તેથી યોગીએ લૌકિકજનોના સંસર્ગનો ત્યાગ કરવો. ૧૬૧૦.

*(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૭૨)*

વર્ષ–૧૧
અંક–૮

વિ. સંવત
૨૦૭૩

April
A.D. 2017




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

૧૨૮મો જન્મોત્સવ



## મીઠાં લાગે છે ગુરુ-જન્મ વધામણાં

વૈશાખ સુદ બીજ એટલે આપણા ગુરુદેવશ્રીની ૧૨૮ જન્મજયંતીનો ઉત્તમ દિવસ. ભારતભરના મુમુક્ષુઓ આજનો દિવસ આનંદથી ઉજવે છે. અહા! જે કહાનગુરુદેવે જિનમાર્ગનું રહસ્ય બતાવીને આપણને સાચા જૈન બનાવ્યા, અરિહંતોનું અને સંતોનું અધ્યાત્મ જીવન કેવું હોય તે સમજાવીને જેમણે આપણને અધ્યાત્મ જીવન જીવતાં શીખવ્યું, મોક્ષની સાધના આનંદમય છે એમ દેખાડી જેમણે આપણને દુઃખ અને ક્લેશના માર્ગથી છોડાવ્યા ને આનંદના માર્ગમાં વાળ્યા, આત્માની આરાધના એ જ આ મનુષ્યજીવનનું સાચું ધ્યેય છે—એમ બતાવીને જેમણે જીવનના ધ્યેય તરફ વારંવાર આપણને પ્રોત્સાહિત કર્યા. જેમણે અત્યંત કરુણા કરી વાત્સલ્યપૂર્વક આપણને નિરંતર શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપીને અચિંત્ય આત્મવૈભવ દેખાડ્યો અને જેમનું ભૂત-ભવિષ્યનું જીવન આપણને તીર્થંકર ભગવંતો પ્રત્યે પરમ ભક્તિ જગાડે છે એવા આ આપણા આત્મદાતા—આત્મરક્ષક પરમ પૂજ્ય ગુરુદેવનો જન્મોત્સવ ઉજવતાં આત્મા ઉલ્લસિત થાય છે.

હે ગુરુદેવ! આજના મંગલમય દિનના મંગલ પ્રભાતે લાખ લાખ અભિનંદનપૂર્વક ભારતના ભક્તો આપને ભક્તિથી વંદન કરે છે. મુમુક્ષુઓના જીવનમાં આપનો પરમ ઉપકાર છે. જૈન જગતના આપ તેજસ્વી ભાનુ છો. ''જ્ઞાન કિરણોના પ્રકાશવડે આપ મોક્ષમાર્ગને પ્રકાશિત કરી રહ્યા છો'' જે માર્ગને જાણતાં અને આરાધતાં આત્મા ભવબંધનથી છૂટે ને મોક્ષસુખને પ્રાપ્ત કરે—એવા માર્ગપ્રકાશક, ભક્તોના આત્મઆધાર હે ગુરુદેવ! આપ અમ બાળકોના અંતઃકરણને અજવાળ્યા કરો—એવી ભાવના સાથે અમે ભારતના સમસ્ત મુમુક્ષુઓ આપશ્રીને ભક્તિભાવે અભિનંદિએ છીએ.

—સકલ મુમુક્ષુ સમાજ



## અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનસાગરમાંથી વીણેલા

# ભક્તિ-પુષ્પો

- અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કુટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી, અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે.
- સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પૂરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્મપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે.
- ચક્રવર્તીની ખીર ચક્રવર્તી જ પચાવી શકે, વાસુદેવના કેસરીયા લાડુ વાસુદેવ જ પચાવી શકે, તેમ આત્માના અનંત-અનંત આશ્ચર્યકારી સ્વભાવના સામર્થ્યને ધર્માત્મા જ પચાવી શકે. બીજાનું કામ નહીં.
- અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ....કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતા હોય કે આવો....આવો ચૈતન્યધામમાં આવો! અહાહાહા! ચૈતન્યનો એટલો આહલ્લાદ અને પ્રહલ્લાદ હોય. ચૈતન્યમાં એકલો આહલ્લાદ જ ભર્યો છે. એનો મહિમા, મહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ.
- અહો! સમ્યગ્દષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નુ હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યા હોય તોપણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદષ્ટિથી કળવું કઠણ છે.
- રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા-જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘૂંટાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં આ જ વાત આવ્યા કરે, ચોવીસે કલાક આ દેહના કામ તે

મારાં નહિ, રાગના કામ તે મારાં નહિ એમ ઘૂંટાયા કરે છે, એ શ્રદ્ધા-જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહવાળાને અંતરના શ્રદ્ધા-જ્ઞાનનું કાંઈ મહાત્મ્ય જ દેખાતું નથી. અરે ભાઈ! આ શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફડાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે.

- અહો! ભાવલિંગી મુનિ એટલે તો ચાલતા પરમેશ્વર, જે અંદરમાં આનંદકંદને ઝુલે ઝુલતા હોય ને પંચ મહાવ્રતનો રાગ ઉઠે એને ઝેર જાણતા હોય. અહો! જેના દર્શન અહો ભાગ્યે થાય. જે આનંદની ખેડ કરી રહ્યાં છે એ ધન્યદશા અલૌકિક છે. ગણધરના નમસ્કાર જેને પહોંચે એ દશાની શું વાત!

- દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.

- એક ગામમાં દુષ્કાળ પડવાથી ગરીબ માણસો ભૂખના માર્યા રાજા પાસે ગયા, કે સાહેબ! અમે ભૂખે મરીએ છીએ. અમારી પાસે દાણાં નથી. ત્યારે રાજા કહે દાણાં ન હોય તો ખાવને ખાજા! ત્યારે ગરીબ માણસો કહે છે કે અમારી પાસે દાણાં પણ નથી તો ખાજા ક્યાંથી હોય જ! પરંતુ અહીં તો બધાંની પાસે ખાજા પડ્યા જ છે, નથી એમ અહીં નથી. અહીં તો ભાઈ! તારી અંદર શક્તિમાં અતીન્દ્રિય આનંદના ખાજા અર્થાત્ ખજાના ભર્યા પડ્યા છે. તું નજર કર એટલી વાર છે.

- આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતા એનો પ્રયત્ન કરવો જોઈએ, એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતુહલ જાગે ને જોયા વિના ચેન ન પડે.

- સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો, પોકાર કરીને એમ કહે છે કે પહેલામાં પહેલાં આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલામાં પહેલા આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા ૫માં કહ્યું કે હું કરું છું તેનો અનુભવ કરીને પ્રણામ કરજે.

- એક બાજુ આનંદધામ પ્રભુ અંદરમાં બિરાજે છે ને બીજી બાજુ બહારમાં મૃગજળ જેવા વિષયો છે—તારા હિતને વિચારી જ્યાં રુચે ત્યાં જા!

- સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરી, ને અહીં આવીને આ શાસ્ત્ર રચેલ છે. તેથી તેમના આગમ પરમ માન્ય છે—એ ફૂટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે ''આ મારા જ ઘરની વાત છે.''
- મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી સાધુ થયો તોપણ તેને હજુ બોજો ઉતર્યો નથી અને સમ્યગ્દૃષ્ટિને છ ખંડના રાજ્યમાં પણ બોજો નથી. રાગના એક અંશમાં લાભબુદ્ધિ છે ત્યાં આખા જગતનો બોજો પડ્યો છે, જરીયે બોજો ઉતર્યો નથી. અંદરમાં પ્રવેશ કરતાં બધો બોજો ઉતરી જાય છે.
- કોઈપણ જીવ પોતાની હૈયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન.....જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે–માને છે, તેથી તે મિથ્યાદષ્ટિ છે.
- નિમિત્તનું લક્ષ, રાગનું લક્ષ, એક સમયની પર્યાયનું લક્ષ, ગુણ ભેદનું લક્ષ એ બધું બહિર્લક્ષ છે. વર્તમાન પર્યાય અંદરમાં વળી એટલે એ બધાનો ભુક્કો થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.
- અહો! મુનિદશા એટલે સાક્ષાત્ કેવળજ્ઞાનની તળેટી! આનંદના અનુભવના ઝુલે ઝુલતાં, હજારો વીંછીના કરડ થવા છતાં કે ૪૮ ગાઉના મોટા અવાજ આદિ થવા છતાં તેની જેને ખબર રહેતી નથી ને આનંદમાં ઊંડા ઉતરી ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે એ અદ્ભુત મુનિદશાની શી વાત! ધન્ય દશા છે.
- જીભ ગમે તેટલા ચીકણા પદાર્થને ગ્રહે છે તોપણ પોતે લુખી રહે છે. તેમ જ્ઞાની સંયોગોના ગંજમાં ઊભો હોય છતાં લુખો રહે છે. જેમ કમળ દિવસ રાત જળમાં રહે છે પરંતુ જળને સ્પર્શતું નથી તેમ જ્ઞાની સંયોગોની મધ્યમાં રહેવા છતાં લેપાતો નથી. સોનું કાદવમાં રહ્યાં છતાં તેને કાટ લાગતો નથી તેમ જ્ઞાની સંયોગોમાં રહ્યાં છતાં તેને પરમાં એકતાબુદ્ધિ થતી નથી.
- જેમ કોઈને એક વખત આકરી વેદના આવી ગઈ હોય અને ફરી તેવી વેદના થાય તેવું કોઈ ચિન્હ ખ્યાલમાં આવતા પણ કંપારી છૂટે ને ત્રાસ થઈ જાય તેમ ચોરાશીના અવતારનાં દુઃખનું સ્મરણ કરતાં ત્રાસ-ત્રાસ થઈ જાય.

- ભાઈ! તારા મહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહીં, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ—એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોસો આવી જાય છે.
- આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!—એમ નિરાવલંબપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજું છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ...હું...આ હું...એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.
- જીવની હાજરીમાં હાથ, પગ, મોઢું, આંખ હલે, ખવાય-પીવાય, બોલાય, ત્યાં એને એમ થઈ જાય છે કે આ બધું મારાથી થાય છે ને હું એને કરું છું—એવો ભ્રમ થાય છે, પણ આત્મા તો એનાથી ભિન્ન એકલો ચૈતન્ય જ્ઞાયક જ છે તે એને બેસતું નથી.
- આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તોપણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્મતત્ત્વની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ, બહારની ચીજથી મૂલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી.
- માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી.
- આત્મા દૈવી શક્તિઓથી ભરેલો દેવ છે. આ આત્મા જ દેવાધિદેવ છે. એના અંતરમાંથી આનંદની લહેજત આવતાં ઈન્દ્રના સુખ ઉકરડા જેવા લાગે.
- દેરાણી-જેઠાણી વિગેરે જુદા પડવાના હોય તે પહેલા એકબીજાના વાંકા બોલવા લાગે છે, તે જુદા પડવાના લક્ષણ છે. તેમ જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઉઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે—ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે.
- બહુશ્રુતના હૃદયમાં તીર્થંકરદેવનો વાસ છે, જ્ઞાનીના હૃદયમાં તીર્થંકર વસે છે તેથી તેની વાણીમાં તીર્થંકર જે કહે છે તે જ વાત આવે છે.

- દિગંબર સંતોના શાસ્ત્રો એટલે ચૈતન્ય ચિંતામણિ રત્નને બતાવનારા મોટા પાટડા! પરથી હઠ અને સ્વભાવ સન્મુખ જા! એટલા માટે શાસ્ત્રો કહ્યાં છે.
- જેમ શકરકંદ અગ્નિમાં બફાય છે તેમ આત્મા વિષયની વાસનામાં બફાય જાય છે પણ એનું એને ભાન નથી તેથી સુખ લાગે છે.
- પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે? એમ આ કાળ ઝપટુ મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ લાગવું જોઈએ.
- આનંદમાં ઝુલતાં સંતો કહે છે કે અમે સેંકડો શાસ્ત્ર જોઈને નિર્ણય કર્યો છે કે ચૈતન્યસ્વરૂપમાં તો એકલો જ્ઞાન ને આનંદ જ ભર્યો છે. બીજું કાંઈ એમાં નથી.
- બાપુ! તારે બહુ પુરુષાર્થ કરવાનો છે. હરિહરાદિ પણ પાછા પડ્યા, પૂરા પહોંચી શક્યા નહિ, તારે તો શરૂઆત કરવાની છે. તારે પ્રભુને ઘેર પહોંચવાનું છે તેથી તારે તો બહુ પુરુષાર્થ જોઈએ.
- જેવો વસ્તુ સ્વભાવ છે તેવું જ્ઞાન કરવું પડશે, એ વિના વસ્તુ જવાબ નહિ આપે. પોપાબાઈનું રાજ્ય નથી.
- સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે.
- જેટલા પરમાત્મા થયા તે બધા અંદરમાંથી નીકળ્યા છે. આત્મા પોતે જ પરમાત્માનો ગર્ભ છે, એમાંથી બધા પરમાત્મા થાય છે.
- પાંચસો ધનુષ્યની કાયાવાળા મનુષ્યના પગના અંગૂઠાને એક પાતળા ઝીણા તારથી બાંધેલ હોય તો તે આટલી મોટા કાયાવાળાને શું બાંધે? તેમ આત્મા અનંત અનંત શક્તિનો પીંડ છે, તેના એક ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં બંધન છે, એ તે અનંત શક્તિવાળા આત્માને શું બાંધે?
- પરાલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે.
- આત્માની શોભા પર જ્યાં દૃષ્ટિ જાય છે તેને દુનિયાના સુખ સડેલા બિલાડી અને વાંદરાની દુર્ગંધ જેવા લાગે છે.
- ભાઈ! તારી નજર સ્થિર થાય એવી કોઈ બાહ્યવસ્તુ જગતમાં નથી. તારી નજર જ્યાં સ્થિર થાય એવી એક વસ્તુ જગતમાં તું પોતે જ છો.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**શ્રોતાઓમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે એ ટોળી પણ સિદ્ધપણાને પામશે જ.**

અહાહા ! સિદ્ધોને નીચે ઉતાર્યા છે ! સિદ્ધ તો ત્યાં છે પણ પ્રભુ ! આપ અમારાથી હવે દૂર ન રહી શકો. અહીં તો શ્રોતાને માટે પણ એટલું જોર આપે છે. એવા જ શ્રોતાને શ્રોતા તરીકે ગણવામાં આવ્યા છે કે તે સિદ્ધનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ સાંભળવા આવ્યા છે તેથી તેઓ અનંતા સિદ્ધોને પર્યાયમાં સ્થાપી શકે એટલી યોગ્યતા અમે જોઈએ છીએ. પરનાં આત્માની પર્યાયમાં સિદ્ધોને સ્થાપે છે. એવા જ શ્રોતાઓને લીધા છે કે જે પર્યાયમાં અનંતા સિદ્ધોને સંઘરી શકશે, જેની પર્યાય અનંતા સિદ્ધોને કબૂલશે ને પર્યાયમાં તેનો આદર કરી શકશે—એવા શ્રોતાને શ્રોતાઓ તરીકે લીધા છે. તે શ્રોતાઓમાં પણ જ્યારે અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ ! અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ પણ સિદ્ધપણાને પામશે. નહીં પામે એ સવાલ અમારી પાસે છે જ નહીં.

**તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો.**

સર્વજ્ઞના અસ્તિત્વને પર્યાયમાં સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે. સિદ્ધનું લક્ષ કરીને સાંભળજે તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની તાકાત હું જોઉં છું—મારા જ્ઞાનમાં એમ આવ્યું કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો ! અને તું પણ તેમ જોઈ શકે તેમ છો ! આહાહા ! 'वंदित्तु सव्वसिद्धे'નો આ ભાવ તો જુઓ ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. અને સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે.

**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.** —શ્રી સમયસાર

**આહાહા ! કોણ જાણે આ ગાથામાં અંદર શું શું ભર્યું છે !**

અમારો પ્રભુ સર્વજ્ઞ સ્વભાવી છે અને અમારી પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને અમે સ્થાપીને રાખ્યા છે એ હવે બહાર નહીં જઈ શકે. અમારો આત્મા સિદ્ધથી બહાર નહીં રહી શકે. કોણ જાણે આમાં અંદર શું ભર્યું છે ! એ રીતે કહેનાર ને સાંભળનાર બંનેના આત્મામાં સિદ્ધોને સ્થાપીને શું કહેવું છે ?—કે સમય નામનું પ્રાભૃત અર્થાત્ શુદ્ધાત્માને કહેવો છે. તેથી તેના લક્ષમાં રહીને હવે અમારી વાત સાંભળ.

મારા ક્ષયોપશમમાં જે જ્ઞાનની દશા ઊઘડી છે તે દ્વારા એટલે કે ભાવવચનથી હું સમયપ્રાભૃત કહીશ. ભાવવચન એટલે વિકલ્પ નહીં પણ જે ઊઘડેલું જ્ઞાન છે તે ભાવવચન છે અને તેની સાથે દ્રવ્યવચન-વિકલ્પ આદિ છે. ભાવવચનની સાથે દ્રવ્યવચન આદિ છે તેનાથી જે પુણ્ય બંધાશે તેનાથી ભવિષ્યનો બધો સંયોગ ધર્મનો જ મળશે. દ્રવ્યસ્તુતિ છે ને ! તેથી અમે ભગવાન પાસે, ગણધરો પાસે, સંતો પાસે જ્યાં આ વાણી છે ત્યાં અમારું પૂરું કરવા ભવિષ્યમાં જવાના. ભાવથી તો અમે વર્તમાન નિર્વિકલ્પ સમાધિથી સિદ્ધોની સ્તુતિ કરીએ છીએ પણ વિકલ્પથી પણ કરીએ છીએ. કારણ કે અમને ખબર છે કે આ ભવમાં સર્વજ્ઞપણું નથી, તે સ્થાપીએ છીએ પણ આ પર્યાયમાં સર્વજ્ઞપણું આ ભવે નહીં થાય એમ અમને ખબર છે તેથી વિકલ્પની સ્તુતિમાં એવું પુણ્ય બંધાશે કે જ્યાં સર્વજ્ઞ પરમાત્મા હશે, શ્રુતકેવળી હશે એવો સંયોગ મળશે. સ્વભાવની ધારાથી સ્વભાવ પૂરણ થશે અને વિકલ્પની ધારાથી પૂરણને સમજાવનાર સંયોગ પ્રાપ્ત થશે.

કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા અને તેથી સમકિતીની દશા ભલે ક્ષાયિક ન હો પણ ત્યાં ગયા હતા માટે અપ્રતિહત દશા હો પણ અમૃતચંદ્રાચાર્યદેવ તો ભગવાન પાસે ગયા ન હતા ને ?—કે સાંભળ, અમે ભાવ ભગવાન પાસે ગયા છીએ.

ભાવ અને દ્રવ્યને સ્થાપીને સમય પ્રાભૃતનું ભાવવચન ને દ્રવ્યવચનથી પરિભાષણ શરૂ કરીએ છીએ જ્યાં જ્યાં જે જોઈએ ત્યાં ત્યાં તે સ્થાપન કરવું, શાસ્ત્રનું રચવું તેનું નામ પરિભાષણ. જે શૈલીએ, જે પ્રકારે, જે કાળે, જે ક્ષેત્રે એને યોગ્ય જે શબ્દો હોય તે ઠેકાણે તે રચવા એનું નામ પરિભાષણ. પંચમ આરાના પ્રાણીને માટે અહીં કહીએ છીએ અમે પંચમ આરામાં છીએ તો તેને યોગ્ય પરિભાષણ થશે. અમે છદ્મસ્થ છીએ, શરૂ કરીએ છીએ પણ શરૂ કર્યું એવું એમને પૂરું થઈ ગયું છે. જ્ઞાનની ધારામાં અમારે જે કહેવું છે—ભગવાન પાસે સાંભળ્યું છે, શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે અને અમને અંદરમાં ભાસ્યું છે તે શરૂ કરીએ છીએ તેથી તો આગળ કહ્યું કે હું દેખાડીશ, દેખાડીશ તો, તું શ્રોતા તરીકે આવ્યો છો સિદ્ધને સ્થાપ્યા છે તો અનુભવથી પ્રમાણ કરજે.

## શ્રુતકેવળી-કથિત આ સમયસાર કહીશ, જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ કેમકે અમે તેની પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે

આવું શાસ્ત્ર અહો!—શ્રુતકેવળીએ કહેલું છે તે કહીએ છીએ. શ્રુતકેવળીએ કહેલાં શાસ્ત્રને કહીશ. જેને કહીશ તેમાં સિદ્ધપણું સ્થાપું છું કેમકે તે બધા સિદ્ધપણું પામશે જ. થોડા વહેલા મોડા સિદ્ધપણું પામશે જ. કેવળીએ કહેલું ને શ્રુતકેવળીએ કહેલું અહો! આ કહીશ. ત્રણલોકના નાથે કહેલું હું કહીશ. સાક્ષાત્ ભગવાને કહ્યું તે મેં સાંભળ્યું ને શ્રુતકેવળી સાથે ચર્ચ્યું હતું તે કહીશ. ભગવાને કહ્યું તે હું કહીશ એટલે કે પોતે ભગવાન પાસે ગયા હતા એ આવી ગયું. વાણી તો વાણીના યોગે નીકળશે પણ મારો જ્ઞાનભાવ છે તેને અનુલક્ષીને વાણી થશે. ભગવાન પાસે સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે જાણ્યું છે તેને અનુસારે વાણી નીકળશે.

શરૂ કરીએ છીએ એમ કહ્યું અને એમને તો શરૂ કર્યું એ પૂરું થઈ ગયું છે. મોક્ષમાર્ગપ્રકાશક પૂરું ન થયું. આચાર્યદેવ કહે છે કે હું શરૂ કરું છું. वोच्छामि શબ્દમાંથી હું કહું છું—એનો ભાવ અમૃતચંદ્રાચાર્યદેવે એ કાઢ્યો કે હું શરૂ કરીશ એમ કુંદકુંદાચાર્યદેવ કહે છે. હું સમયસાર કહીશ એમ કુંદકુંદચાર્યદેવે ન કહેતાં હું શરૂ કરીશ એમ કહ્યું છે. એવો જે ભાવ वोच्छामिમાં ભર્યો છે એ ભાવ અમૃતચંદ્રાચાર્યે બહાર કાઢ્યો છે.

## તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ—એમ તું નિઃસંદેહ જાણ!

પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે અલ્પજ્ઞપણે રહી શકશે નહીં. હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે ભવિ હશું કે અભવિ હશું?—એ વાત રહેવા દે! કોણે કહી એ તને? ભવિ-અભવિ માર્ગણાનો નિષેધ કર્યો છે. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ—અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહી પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહી. જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ તેમ અહીંયા તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ! વિશ્વાસ કરજે. અંદર વિશ્વાસ કરજે કે આ આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધપદને થવાને લાયક છો હો! તેથી તમારામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ, અને અમે એ વાત શરૂ કરીએ છીએ, એટલે કે તારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે.

જોર તો કેટલું છે! સિદ્ધને હેઠે ઉતારે છે. પ્રભુ તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો. હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ આપ મારી પર્યાયમાં પધારો પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. આહાહા! એક એક અક્ષરમાં કેટલો મર્મ ભર્યો છે.

હવે એ સિદ્ધ ભગવંતો કેવા છે? પોતાની પર્યાયમાં ને સામાની પર્યાયમાં જે સિદ્ધ ભગવંતો સ્થાપ્યા તે કેવા છે?—કે એ સિદ્ધભગવંતો પોતાનો આત્મા જે સાધ્ય છે તેના સ્થાનમાં છે એટલે કે સાધ્ય આત્માના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધભગવંતો છે. 'પ્રભુ! તમે પૂરણ છો' ત્યાં સામો અવાજ આવે છે—પ્રતિચ્છંદ આવે છે કે 'પ્રભુ! તું પૂરણ છો' 'પ્રભુ તમે પૂરણ આનંદના નાથ છો' ત્યાં સામો ઘડાક કરતો અવાજ આવે કે 'પ્રભુ! તું આનંદનો નાથ છો.' જેટલા વિશેષણો સિદ્ધને માટે કહેવામાં આવે તેનો સામો અવાજ આવે છે કે તું તેવો છે. આત્મા સાધ્ય છે ને સિદ્ધ ભગવંતો તેના પ્રતિચ્છંદના સ્થાને છે તેથી સંસારી ભવ્ય જીવો 'સિદ્ધ જેવા છે તેવો જ હું છું, મારી જાતમાં ને પ્રભુની જાતમાં ફેર નથી'—એમ સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને સિદ્ધ સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને તે સમાન થઈ જાય છે. પોતાના સ્વરૂપને ધ્યેય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, તેનો રસ લઈને, તેના જેવો થઈ જાય છે. અહીં ન  થાય એવો પ્રશ્ન છે જ નહીં. સાધ્ય બનાવીને, ધ્યાનમાં ધ્યાવીને, તેનો રસ લઈને, તેના જેવો થઈ જાય છે. અહીં ન થાય એવો પ્રશ્ન છે જ નહીં. સાધ્ય આત્માના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધો છે, તેમના સ્વરૂપનું ચિંતવન કરીને, અંતરના પૂરણ સ્વભાવને ધ્યાવીને, આનંદને પીને સિદ્ધના જેવો થઈ જાય છે, સંતોની વાણી અમર થવાની વાણી છે. એ વાણી અફર છે એમ તને સિદ્ધપણું થાય એ અફર રહેવાની વાત છે. સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને સિદ્ધ સમાન થઈ જાય છે. અમે સિદ્ધનું વંદન ને આદર કેમ કર્યો?—કે તેમનું ચિંતવન કરીને તેમના જેવું જ પોતાનું સ્વરૂપ છે—એમ ધ્યાવીને તેમના જેવા થઈ જાય છે માટે તેમને આત્મામાં સ્થાપ્યા છે, તેને વંદન કહેવામાં આવે છે. અમારી ને તારી પર્યાયમાં સિદ્ધને સ્થાપ્યા છે તેથી સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરીને તેના જેનું અમારું સ્વરૂપ છે તેમ ધ્યાન કરીને તેમના જેવા થઈને દુઃખરૂપ ચારે ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ—મોક્ષ તેને પામે છે. પંચમગતિ છે તે પર્યાય છે, એ મોક્ષગતિને તે પામે છે. શક્તિરૂપે સિદ્ધ હતો પણ પર્યાયરૂપે ન હતો એવી અભૂતપૂર્વ મોક્ષગતિને પામશે, પામશે જ. (મુમુક્ષુ હૈયામાં અનંત સિદ્ધોની પરમ મંગલમય સ્થાપના કરીને અલ્પકાળમાં સિદ્ધત્વ પ્રાપ્ત કરાવવાના કોલ—કરાર કરનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો.　　　　　　　　(ક્રમશઃ)

*




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૫
(ગાથા ૧૪)

હવે અવધિદર્શનની વ્યાખ્યા કહે છે. જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી સમસ્ત મૂર્તિક પદાર્થોને અવધિજ્ઞાન જાણે છે તેમ અવધિદર્શનજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિદર્શન સમસ્ત મૂર્ત વસ્તુઓને દેખે છે. જ્ઞાનમાં સ્થિર થતાં અંદર જ્ઞાનમાં સ્વર્ગ-નરકાદિ ઈન્દ્રિયોના અવલંબન વગર જણાય એવી જ્ઞાનની મર્યાદિત ઉઘાડ દશા તે અવધિજ્ઞાન છે, તે જ્ઞાન પહેલાં થતો દર્શનનો વેપાર તે અવધિદર્શન છે; તે બધા મૂર્ત પદાર્થોને દેખે છે.

અહીં દર્શનગુણની પર્યાયની વ્યાખ્યા કરે છે. આત્મા અરૂપી વસ્તુ છે તેમાં અનંત ગુણો છે, દરેક ગુણની હાલત ક્ષણે ક્ષણે પલટાય છે. ઘડીમાં તીવ્ર ક્રોધ, ઘડીમાં મંદ ક્રોધ, ઘડીમાં ક્ષમા એમ જે ફર્યા કરે છે તે ક્ષમા ગુણની અવસ્થા છે, ગુણ ત્રિકાળ રહીને તેની અવસ્થા બદલ્યા કરે છે. આત્મામાં અનંતા ગુણો છે, તે દરેકની હાલત સમયે સમયે બદલાયા કરે છે—પલટન થાય છે તેને ભગવાન 'પર્યાય' કહે છે. આત્મા ત્રિકાળી વસ્તુ, તેમાં જ્ઞાન, દર્શનાદિ ગુણો તે પણ ત્રિકાળી અને તે ગુણોનું સમયે સમયે પરિણમન થવું–બદલવું થવું–તે પર્યાય છે. આચાર્ય પોતે ઉપયોગની વ્યાખ્યા કર્યા પછી હવે પર્યાયની વ્યાખ્યા મૂકે છે :—

'परि समन्तात् भेदम् एति गच्छति इति पर्य्यायः' જે સર્વ તરફથી ભેદને પ્રાપ્ત થાય, અર્થાત્ ભેદ પ્રત્યે જાય તે પર્યાય છે. જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ છએ દ્રવ્યો અખંડ વસ્તુ છે, તે આખી વસ્તુમાંથી એક સમય પૂરતી અવસ્થા પ્રગટે તે પર્યાય છે. આ આંગળી દેખાય છે તે મૂળ વસ્તુ નથી, પણ રજકણોની અવસ્થા છે. અમુક વર્ષ પહેલાં આ આંગળી ન હતી, પણ જે પરમાણુ ચોખા–દાળ વગેરે અવસ્થારૂપે હતા તે બદલીને આંગળીરૂપે તેની અવસ્થા થઈ; આંગળીમાં પણ અનંત પરમાણુઓ છે, તે દરેકની અવસ્થા સમયે સમયે બદલે છે. રજકણ તે જગતની વસ્તુ છે, એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં તે રજકણરૂપે કાયમ

> **જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
> **તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.** –**શ્રી સમયસાર**

રહીને પોતાની અવસ્થા બદલ્યા કરે છે. આત્મા પણ જગતની વસ્તુ છે. તેમાં જ્ઞાનાદિ અનંત ગુણ છે, તેની અવસ્થા દરેક સમયે બદલાયા કરે છે. સમય એટલે કાળનો નાનામાં નાનો ભાગ; એક સેકન્ડ જેટલા વખતમાં અસંખ્ય સમય ચાલ્યા જાય છે.

પ્રશ્ન :—આ બધું શા માટે કહેવાય છે?

ઉત્તર :—'તું કાયમી વસ્તુ છો, તારામાં અનંતા ગુણોનું સામર્થ્ય ત્રિકાળ છે, તારી અવસ્થા તારા કારણે પલટાયા કરે છે, તું પરાધીન નથી' એમ સમજાવવા માટે કહેવાય છે; માટે તું કોણ એ ઓળખીને રાગાદિને ટાળ તો ધર્મ થાય અને આ જન્મ-મરણનાં દુઃખનો અંત આવે અને સ્વરૂપના સુખની પ્રાપ્તિ થાય.

પ્રશ્ન :—આત્માનું સ્વરૂપ ન સમજે તો શું વાંધો?

ઉત્તર :—આત્માનું સ્વરૂપ ન સમજે તો ચોરાશીમાં રખડે અને દુઃખને ભોગવે. જેને એક આત્માની ખબર નથી તેને બધાની ખબર નથી; 'જે સર્વ તરફથી ભેદને પામે એટલે કે આખી વસ્તુમાંથી એક ભેદરૂપ પરિણમન કરે તે પર્યાય છે, એ પર્યાય સમયે સમયે બદલાય છે' એમ કહીને આચાર્યદેવ સમજાવે છે કે ઊંધી માન્યતારૂપ પર્યાય બદલી જાય છે અને સવળી માન્યતા થાય છે. સંસાર-મોક્ષ બન્ને પર્યાય છે. સંસારદશા તે આત્માની અરૂપી વિકારી દશા છે, શરીરાદિ મારાં, પુણ્ય-પાપ મારાં એવી જે ઊંધી માન્યતા તે જ સંસાર છે. સંસાર તે વિકારીદશા છે; વિકાર એટલે ગુણની ઊંધાઈ—તે આત્મામાં છે—પરમાં નથી. જ્યાં ઊંધી અવસ્થા છે તેની ખબર નહિ અને પરમાં માને તો તે ઊંધી અવસ્થા ટળે નહિ. અંદરમાં જે પુણ્ય-પાપના વિકલ્પ થાય તેને પોતાનું સ્વરૂપ માનવું એ જ સંસાર છે; તે સમજે નહિ અને બહારમાં ત્યાગ કરીને સાધુ થાય, ઉપવાસ કરે, અઠ્ઠાવીસ મૂળગુણ સહિત નગ્ન મુનિ થાય અને મેં સંસાર છોડી દીધો એમ બાહ્ય ત્યાગથી માને, પણ 'મેં પરવસ્તુને છોડી' એમ માન્યું એટલે પરવસ્તુને આત્મામાં પેસી ગયેલી માની—તે માન્યતા જ સંસાર છે. તે ઊંધી માન્યતા ન છોડે અને માત્ર બાહ્ય ત્યાગ કરે તેને મિથ્યાત્વના પોષણનો લાભ થશે; તેનો અવતાર ચોરાશીના અવતાર વધારવા માટે સફળ થશે. જ્ઞાનીની ક્રિયાને અફળ કહેવાય છે એટલે કે જ્ઞાનીને તે ક્રિયાથી બંધન નથી, અવતાર વધતો નથી. જ્ઞાનીની ક્રિયા તો સ્વરૂપમાં સમાય છે; આ જૈનના એકડાની એટલે કે તદ્દન શરૂઆતની વાત છે. મૂળ તત્ત્વ ભૂલાઈને બીજી

**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮. –શ્રી સમયસાર**

વાત લોકોમાં પ્રાયઃ થઈ રહી છે, વીતરાગધર્મ કોને કહેવો તે મોટા ભાગના લોકો જાણતા નથી, અને બહુ તો બહારમાં ત્યાગ કરીને તેમાં ધર્મ માની લ્યે છે. દેડકો કૂદી કૂદીને કેટલું કૂદે? એકવાર કોઈ સમુદ્રનો દેડકો કૂવામાં જઈ ચડ્યો, ત્યાં કૂવાનો દેડકો કહે—તારો સમુદ્ર કેવડો હતો? ત્યારે સમુદ્રનો દેડકો કહે, ભાઈ! નજરે જોયા વિના તેનું માપ ન નીકળે; ત્યારે કૂવાનો દેડકો કહે—જુઓ હું કૂદું છું એમ કહીને કૂવાના એક છેડાથી બીજા છેડા સુધી કૂદ્યો, એના મનમાં તો એમ કે મારા કૂદકામાં સમુદ્રનું માપ આવી ગયું; પણ સમુદ્રનો દેડકો કહે, ભાઈ! સમુદ્રનાં માપ આપણા કૂદકાથી ન નીકળે, એ તો નજરે જોયે ખબર પડે. એમ ધર્મનાં માપ બહારથી ન આવે પણ અંતર સ્વરૂપની ઓળખાણ જોઈએ. અજ્ઞાની બહુ બહુ કરે તો બાહ્ય ત્યાગ અને શુભરાગ કરીને તેમાં ધર્મ માની બેસે, પણ આત્મા શું છે તેના ભાન વગર ધર્મ થાય નહીં. ધર્મનું સ્વરૂપ અજ્ઞાનીની દૃષ્ટિથી મપાય તેવું નથી. અશુભભાવની તો અહીં વાત જ નથી. શિકાર, માંસાહાર, પરસ્ત્રીગમન વગેરે મહાન પાપ કરનારાની સાતમી નરકમાં પાર્લામેન્ટ ભરાય છે. અહીં તો પરવસ્તુના આધારે બાહ્ય ત્યાગમાં ધર્મ નથી એ બતાવવું છે. સાતમી નરકમાં બહારમાં તો બધાનો ત્યાગ છે, ચોખાનો દાણો કે વસ્ત્રનો તાણો પણ નથી. જો બાહ્ય ત્યાગથી ધર્મ હોય તો તે બધાને ધર્મ થઈ જવો જોઈએ. બહારનો ત્યાગ હોય પણ અંદરમાં ભાન ન હોય તો તે મહા અજ્ઞાની છે, અને જ્ઞાની ચક્રવર્તી છ ખંડના રાજ્યમાં હોય છતાં દૃષ્ટિમાં રાગાદિ સર્વનો ત્યાગી છે. ત્રિકાળી સ્વરૂપની દૃષ્ટિમાં રાગાદિ નથી—તેનું ભાન વર્તે છે તે ધર્મી છે.

સર્વ તરફથી ભેદને પ્રાપ્ત થાય અર્થાત્ પરિણમન કરે તે પર્યાય છે. પરિ = સમસ્ત પ્રકારે, નમન = ઢળવું, વહેવું; વસ્તુ પોતે અખંડ રહીને તેમાંથી સમયે સમયે અવસ્થા વહ્યા કરે છે તે પરિણમન છે. વસ્તુ અને તેના બધા ગુણો સમયે સમયે પરિણમ્યા કરે છે; દ્રવ્ય-ગુણ સર્વથા ધ્રુવ નથી; જો દ્રવ્ય—ગુણ સર્વથા ધ્રુવ હોય તો પરિણમન કોનું? દ્રવ્ય-ગુણ સર્વથા ધ્રુવ નથી પણ કથંચિત્ પરિણામી છે. અવસ્થા અનિત્યતા બતાવે છે અને દ્રવ્ય ધ્રુવતા-નિત્યતા બતાવે છે, પણ ધ્રુવતા અને અનિત્યતા જુદાં નથી, બન્ને થઈને આખી વસ્તુ છે. ધ્રુવતાનો પિંડ જુદો અને પરિણમનનો કટકો જુદો એમ નથી. અહીં તો કહે છે કે—બદલતાં છતાં દ્રવ્ય, ગુણ અને ઉપયોગ એકરૂપ રહે છે. (ક્રમશઃ)

*

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.** **–શ્રી સમયસાર**

# શ્રાવકની ધર્મપ્રવૃત્તિના વિવિધ પ્રકારો

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્મી જીવને ઘરની શોભા કરતાં જિનમંદિરની શોભાનો વધુ ઉત્સાહ હોય; સર્વ પ્રકારે સંસારનો પ્રેમ ઓછો કરીને ધર્મનો પ્રેમ તે વધારે છે. માત્ર અમુક કુળમાં જન્મી લેવાથી શ્રાવકપણું નથી થતું, પણ સર્વજ્ઞની ઓળખાણપૂર્વક શ્રાવકધર્મનું આચરણ કરવાથી શ્રાવકપણું થાય છે. જ્યાં ધર્મના ઉત્સવ અર્થે રોજ દાન થાય છે, જ્યાં મુનિ વગેરે ધર્માત્માનો આદર થાય છે તે ગૃહસ્થાશ્રમ શોભે છે, એના વગરનું શ્રાવકપણું શોભતું નથી.

જ્યાં જિનમંદિર હોય ત્યાં શ્રાવકો હંમેશાં ભક્તિથી નવા નવા ઉત્સવો કરે છે તેનું વર્ણન કરે છે—

(શાર્દૂલવિક્રીડિત)

यात्राभिः स्नपनैर्महोत्सवशतैः पूजाभिरुल्लोचकैः
नैवेद्यैबलिभिर्ध्वजैश्च कलशैःतूर्यत्रिकैर्जागिरैः।
घंटाचारमदर्पणादिभिरपि प्रस्तार्य शोभां परां
भव्याः पुण्यमुपार्जयन्ति सततं सत्यत्र चैत्यालये।।२३।।

અર્થ :—સંસારમાં ચૈત્યાલય થતાં અનેક ભવ્યજીવ યાત્રાઓ, (જળયાત્રાઆદિ) અભિષેકો, સેંકડો મહાન ઉત્સવો અનેક પ્રકારના પૂજા વિધાનો, ચંદરવા, નૈવેદ્ય, અન્ય ભેટો, ધ્વજા, કળશો, લૌર્યત્રિકો (ગીત, નૃત્ય, વાદિત્ર), જાગરણો, ઘંટ, ચામર, દર્પણાદિ દ્વારા ઉત્કૃષ્ટ શોભાનો વિસ્તાર કરીને નિરંતર પુણ્યનું ઉપાર્જન કરે છે. ૨૩.

આ જગતમાં જ્યાં ચૈત્યાલય હોય ત્યાં ભવ્યજીવો રથયાત્રા કાઢે; ભગવાનના કલશાભિષેક વગેરે સેંકડો પ્રકારના મોટા મોટા ઉત્સવો કરે; અનેક પ્રકારના પૂજન–વિધાન કરે; ચાંદણી–ચંદરવા–તોરણ કરાવે, નૈવેદ તથા બીજી ભેટો ચઢાવે; ધ્વજ, કળશ, તૂર્યત્રિક એટલે ગીત–નૃત્ય–વાજિંત્ર, જાગરણ, ઘંટા, ચામર તથા દર્પણ વગેરે દ્વારા ઉત્કૃષ્ટ શોભાનો વિસ્તાર કરે;—એ રીતે નિરંતર પુણ્યનું ઉપાર્જન કરે છે.

**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦. –શ્રી સમયસાર**

જુઓ, જ્યાં ધર્મના પ્રેમી શ્રાવકો હોય ત્યાં જિનમંદિર હોય, ને જ્યાં જિનમંદિર હોય ત્યાં રોજ રોજ મંગલ-મહોત્સવ થયા કરે. કોઈવાર મંદિરની વર્ષગાંઠ હોય, ભગવાનના કલ્યાણકનો પ્રસંગ હોય, પર્યુષણ હોય અષ્ટાહ્નિકાપર્વ હોય એવા અનેક પ્રસંગે ધર્મીજીવ ભગવાનના મંદિરમાં પૂજા-ભક્તિના ઉત્સવ કરાવે. એ બહાને દાનાદિમાં પોતાનું ધન વાપરીને શુભભાવ કરે ને રાગ ઘટાડે. જોકે વીતરાગભગવાન તો કાંઈ દેતા નથી ને કાંઈ લેતાય નથી, પૂજા કરનાર પ્રત્યે કે નિંદા કરનાર પ્રત્યે એમને તો વીતરાગભાવ જ વર્તે છે, પણ ભક્તને જિનમંદિરની શોભા વગેરેનો ઉલ્લાસભાવ આવ્યા વગર રહેતો નથી. પોતાના ઘરની શોભા વધારવાનો ભાવ કેમ આવે છે?—તો ધર્મીને ધર્મપ્રસંગમાં જિનમંદિરની શોભા કેમ વધે,—એવા ભાવ આવે છે. શ્રાવક અત્યંત ભક્તિથી શુદ્ધ જળ વડે ભગવાનનો અભિષેક કરે ત્યારે એને એવા ભાવ ઉલ્લસે કે જાણે સાક્ષાત્ અરિહંતદેવનો જ સ્પર્શ થતો હોય! જેમ પુત્રના લગ્ન પ્રસંગે ઉત્સવ કરે છે ને મંડપની તથા ઘરની શોભા કરાવે છે, તેના કરતાં વધારે ઉત્સાહથી ધર્મી જીવ ધર્મની શોભા અને ઉત્સવ કરાવે.—જ્યાં મંદિર હોય ને જ્યાં ધર્મી શ્રાવક હોય ત્યાં વારંવાર આનંદ-મંગળના આવા પ્રસંગ બન્યા કરે, ને ઘરનાં નાનાં છોકરાંઓને પણ ધર્મના સંસ્કાર પડે.

ધર્મને માટે જે અનુકૂળ ન હોય અથવા ધર્મમાં જે બાધા કરે તેમ હોય, એવા દેશને, એવા સંયોગને ધર્મી જીવ છોડી દે. જ્યાં જિનમંદિર વગેરે હોય ત્યાં ધર્માત્મા રહે, ને ત્યાં નવા નવા મંગલ ઉત્સવ થયા કરે. વળી કોઈ વિશેષ પ્રકારનું જિનમંદિર કે જિનપ્રતિમા હોય ત્યાં યાત્રા કરવા માટે અનેક શ્રાવકો આવે; તથા સમ્મેદશિખર ગિરનાર વગેરે તીર્થોની યાત્રા પણ શ્રાવક કરે, એ રીતે મોક્ષગામી સંતોને યાદ કરે છે. કોઈ વાર મંદિરની વર્ષગાંઠ હોય, કોઈવાર મંદિરને દશ કે પચીસ કે સો વર્ષ પૂરાં થતાં હોય તો તેનો ઉત્સવ કરે, કોઈ મોટા સંત—મહાત્મા મુનિ વગેરે પધારે ત્યારે ઉત્સવ કરે, પુત્ર—પુત્રીના લગ્નોત્સવ—જન્મોત્સવ વગેરે નિમિત્તે પણ મંદિરમાં પૂજનાદિ શોભા કરાવે, રથયાત્રા કઢાવે,—એમ દરેક પ્રસંગે ગૃહસ્થ ધર્મને યાદ કર્યા કરે. કોઈ નવીન મહાન શાસ્ત્રો આવે ત્યાં તેના બહુમાનનો ઉત્સવ કરે. શાસ્ત્ર એટલે કે જિનવાણી, તે પણ ભગવાનની જેમ જ પૂજ્ય છે. પોતાના ઘરને જેમ તોરણ વગેરેથી શણગારે છે ને નવા નવા વસ્ત્રો લાવે છે તેમ જિનમંદિરના દ્વારને ભાતભાતના તોરણ વગેરેથી શણગારે ને

છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧. –શ્રી સમયસાર

નવા નવા ચંદરવા વગેરેથી શોભા કરાવે. આ રીતે શ્રાવકને રાગની દિશા પલટી ગઈ છે; સાથે તે એમ પણ જાણે છે કે આ રાગ પુણ્યાસ્રવનું કારણ છે, ને જેટલી વીતરાગી શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે.

જિનમંદિર ઉપર કલશ તથા ધ્વજ ચઢાવવાના પણ મોટા ઉત્સવ થાય છે. અગાઉના વખતમાં તો શિખરમાં પણ કિંમતી રત્ન લગાડતા, તે ઝગઝગ થાય. નવા નવા વીતરાગી ચિત્રો વડે મંદિરની શોભા કરે.—એમ સર્વ પ્રકારે સંસારનો પ્રેમ ઓછો કરીને ધર્મનો પ્રેમ વધારે છે. જેને વીતરાગમાર્ગ પ્રત્યે પ્રેમ ઉલ્લસ્યો છે તેને આવા ભાવો શ્રાવકદશામાં આવે છે. આ ધૂળના ઢીંગલા જેવું શરીર તેનો ફોટો કેમ પડાવે છે ? ને કેવા પ્રેમથી જુએ છે તથા શણગારે છે; તો વીતરાગ–જિનબિંબ એ વીતરાગભગવાનનો ફોટો છે, પરમાત્મદશા જેને વહાલી હોય તેને એના પ્રત્યે પ્રેમ અને ઉલ્લાસ આવે છે.

માત્ર અમુક કુળમાં જન્મ લેવાથી શ્રાવકપણું થઈ જતું નથી, પણ સર્વજ્ઞની ઓળખાણપૂર્વક શ્રાવકધર્મનું આચરણ કરવાથી શ્રાવકપણું થાય છે. સમયસારમાં જેવો એકત્વ-વિભક્ત શુદ્ધાત્મા દર્શાવ્યો છે તેવા શુદ્ધ આત્માની ઓળખાણરૂપ સમ્યગ્દર્શન હોય તો શ્રાવકપણું શોભી ઊઠે. સમ્યગ્દર્શન વિનાનું શ્રાવકપણું શોભે નહિ. નિર્વિકલ્પ અનુભૂતિ સહિત સમ્યગ્દર્શન થાય તે ઉપરાંત આનંદની અનુભૂતિ ને સ્વરૂપસ્થિરતા વધી જતાં અપ્રત્યાખ્યાનકષાયોનો પણ અભાવ થાય,—આવી અરાગી દશા થાય તેનું નામ શ્રાવકપણું છે. અને તે ભૂમિકામાં જે રાગ બાકી છે તેમાં જિનેન્દ્રદર્શન–પૂજન, ગુરુસેવા, શાસ્ત્રસ્વાધ્યાય, દાન, અણુવ્રત, વગેરે હોય છે,–તેથી તે વ્યવહારે શ્રાવકનો ધર્મ છે. આવા શ્રાવકધર્મનું આ પ્રકાશન છે.

અત્યારે તીર્થંકર ભગવાન અહીં સાક્ષાત્ નથી પણ એમની વાણી તો છે, એ વાણીથી પણ ઘણો ઉપકાર થાય છે, તેથી તે વાણીની (શાસ્ત્રની) પણ પ્રતિષ્ઠા કરાય છે. અને ભગવાનની મૂર્તિ સામે જોતાં—જાણે સાક્ષાત્ ભગવાન મારી સામે જ બિરાજે છે—એમ પોતાના જ્ઞાનમાં ભગવાનને પ્રત્યક્ષ કરીને સાધકને ભક્તિભાવ ઉલ્લસે છે. અવારનવાર ભગવાનનો અભિષેક કરે ત્યારે પ્રભુનો સ્પર્શ થતાં મહાન હર્ષ માને કે અહો, આજે મને ભગવાનના ચરણનો સ્પર્શ થયો, આજે ભગવાનના ચરણની સેવાનું પરમ સૌભાગ્ય મળ્યું.—આમ ધર્માત્માના હૃદયમાં ભગવાન પ્રત્યે વહાલ ઊભરાય છે. મંદિરમાં ભગવાન પાસેથી ઘરે જવું પડે ત્યાં એને ગમે નહિ.–જાણે કે ભગવાન પાસે જ બેસી રહું. ભગવાનની

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**<br>**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨. –શ્રી સમયસાર**

પૂજા વગેરેનાં વાસણ પણ ઉત્તમ હોય; ઘરમાં તો સારા ઠામ વાપરે ને પૂજન કરવા માટે ઠીબડાં જેવા ઠામ લઈ જાય—એવું ન હોય. આમ શ્રાવકને તો ચારેકોરથી બધાં પડખાંનો વિવેક હોય છે. સાધર્મીઓ ઉપર પણ એને પરમ વાત્સલ્ય હોય છે.

જેને વીતરાગસ્વભાવનું ભાન થયું છે ને મુનિદશાની ભાવના વર્તે છે એવા જીવનું આ વર્ણન છે. ત્યાર પહેલાં જિજ્ઞાસુભૂમિકામાં પણ આ વાત યથાયોગ્ય સમજી લેવી. ધર્મના ઉત્સવમાં જે ભક્તિથી ભાગ લેતો નથી, જેના ઘરમાં દાન થતું નથી, તો કહે છે કે ભાઈ! તારો ગૃહસ્થાશ્રમ શોભતો નથી. જે ગૃહસ્થાશ્રમમાં રોજરોજ ધર્મના ઉત્સવ અર્થે દાન થાય છે, જ્યાં ધર્માત્માનો આદર થાય છે—તે ગૃહસ્થાશ્રમ શોભે છે ને તે શ્રાવક પ્રશંસનીય છે. અહા, શુદ્ધાત્માને દૃષ્ટિમાં લેતાં જેની દૃષ્ટિમાંથી બધોય રાગ છૂટી ગયો છે એના પરિણામમાં રાગની કેટલી મંદતા હોય! અને એ મંદરાગ પણ સર્વથા છૂટીને વીતરાગતા થાય ત્યારે જ કેવળજ્ઞાન ને મુક્તિ થાય છે.—આવા મોક્ષનો જે સાધક થયો તેને રાગનો આદર કેમ હોય? પોતાના વીતરાગસ્વભાવનું જેને ભાન છે તે સામે વીતરાગબિંબને જોતાં સાક્ષાત્‌ની જેમ જ ભક્તિ કરે છે કેમકે એને પોતાના જ્ઞાનમાં તો ભગવાન સાક્ષાત્ તરવરે છે ને!

શ્રાવકને સ્વભાવના આનંદનો અનુભવ થયો છે, સ્વભાવના આનંદસાગરમાં એકાગ્ર થઈને વારંવાર તેનો સ્વાદ ચાખે છે, ઉપયોગને અંતરમાં જોડીને શાંતરસમાં વારંવાર ઠરે છે, પણ ત્યાં વિશેષ ઉપયોગ થંભતો નથી એટલે અશુભપ્રસંગોને છોડીને શુભપ્રસંગમાં તે વર્તે છે. તેનું આ વર્ણન છે. આવી ભૂમિકાવાળા શ્રાવક આયુષ્ય પૂરું થતાં સ્વર્ગમાં જ જાય—એ નિયમ છે. કેમકે શ્રાવકને સીધી મોક્ષપ્રાપ્તિ હોતી નથી; સર્વસંગત્યાગી મુનિપણા વગર સીધી મોક્ષપ્રાપ્તિ કોઈને ન થાય. તેમ જ પંચમ ગુણસ્થાની શ્રાવક સ્વર્ગ સિવાયની અન્ય કોઈ ગતિમાં પણ ન જાય. એટલે શ્રાવક શુભભાવના ફળમાં સ્વર્ગમાં જ જાય, અને પછી શું થાય તે વાત હવેની ગાથામાં કહેશે.

અર્હંત, સિદ્ધ, ચૈત્ય, પ્રવચન, મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકા અને જ્ઞાનમાં જે પુરુષ અત્યંત ભક્તિ રાખે છે તેને ઘણા જ પુણ્યનો સંચય થાય છે. પરંતુ તે પુરુષ કર્મક્ષય કરતો નથી અર્થાત્ તે પુરુષને આ કાર્યોથી શુભ ઉપભોગ ઉત્પન્ન થઈને પુણ્યાસ્રવ જ થાય છે. અર્હંતાદિકની ભક્તિ મોક્ષને માટે કારણ થતી નથી કારણ કે આ કાર્યોથી શુદ્ધોપયોગ થતો નથી.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, પંચાચાર અધિકાર ગાથા-૬૨)



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્મામાં આનંદ ને સુખનો અનુભવ થવો તે અનુભવ પ્રકાશ છે. નિજસુખને નિજઉપયોગ કહ્યું છે. પોતાનો જ્ઞાનનો વ્યાપાર પોતામાં વળે તો સુખ પ્રગટે તેમ છે. બાહ્ય સ્ત્રી, કુટુંબ કે રાગાદિમાં સુખ નથી. પોતામાં સુખ છે. એની પ્રાપ્તિ થવી સહેલી છે, છતાં મોંઘી કેમ થઈ પડી છે તે કહે છે.

અનાદિથી સંસારી જીવને વર્તમાન અવસ્થામાં ભૂલ થઈ છે. ચિદાનંદ ભગવાનને ચૂકી ક્ષણિકની પ્રતીતિ કરી મિથ્યાત્વનો દારૂ પીધો છે. સ્વભાવ અને વિભાવને ભિન્ન ન પાડવા તે અવિવેક છે. સ્વભાવ નિરુપાધિમય કાયમી ચીજ છે ને રાગ-દ્વેષાદિ વિભાવ ક્ષણિક છે, તે બેનો ભેદ પાડવો તે વિવેક છે. સ્વભાવનો સંગ કર્યો નથી, તેથી અવિવેકમલ્લે તે દશાનો નાશ કર્યો એમ કહ્યું છે. પરિણામમાં અવિવેક છે એમ બતાવે છે. શરીર, મન, વાણી પર છે. સંસારપર્યાયનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે એવું ભાન નથી, તેથી વર્તમાન બુદ્ધિ એટલે પર્યાયબુદ્ધિરૂપી અવિવેકમલ્લે જયસ્તંભ રોપેલ છે. નિગોદથી માંડીને બધા મિથ્યાદષ્ટિ જીવોને અવિવેકમલ્લે જીતેલ છે, તેથી તે જોરાવર બનેલ છે. શરીર, મન, વાણી ને પુણ્ય-પાપ આદિ જ્ઞાનમાં જણાય એવી ચીજો પર છે ને પોતે સ્વ છે એવું ભેદજ્ઞાન નથી, તેથી અવિવેકમલ્લ જોરાવર બની ઊભો છે. જે નિમિત્તથી જુદો પડતો નથી તે રાગથી તો જુદો ક્યાંથી પડી શકે ? ન જ પડી શકે. અસંગ સ્વભાવ એકરૂપ છે. ગમે તેટલો સંસાર થયો, છતાં સ્વભાવમાં ક્યાંય ખામી આવી નથી. તેવા સ્વભાવને નહિ માનતાં કૃત્રિમ લાગણીઓને માનનારને તે અવિવેકમલ્લ જોરાવર બની ઊભો છે. કર્મ તો જડ છે, કર્મ જીવને હેરાન કરતાં નથી. કર્મમલ્લ જીવને જીતતો નથી પણ જીવ અને કર્મ વચ્ચેનું વિવેકજ્ઞાન નથી તે પોતાના સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી.

પરથી ભેદજ્ઞાન કરવું તથા વિકાર મારા સ્વભાવમાં નથી એવું જ્ઞાન તે વિવેકમલ્લ છે. તે વિવેકમલ્લથી અવિવેકમલ્લ હણ્યો જાય છે. વ્યવહાર કરવાથી

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩. –શ્રી સમયસાર**

અવિવેકમલ્લ હણ્યો જાય છે—એમ કહ્યું નથી. ચૈતન્યસ્વભાવ તરફના વલણથી અથવા પરથી ભેદજ્ઞાનના બળ વડે અવિવેક હણાય છે.

અધૂરી દશામાં શુભરાગના કાળે શુભરાગ હોય છે, ને તેનું લક્ષ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર હોય છે. તે કાળે પણ સ્વભાવ તો શુદ્ધ જ છે. શુદ્ધ સ્વભાવના અસ્તિત્વને ન માનવું પણ એકલા નિમિત્તને કે શુભને જ માનવું તે અવિવેકમલ્લ છે.

તે અવિવેકમલ્લ ભેદજ્ઞાનના પુરુષાર્થ વડે હણી શકાય છે ને તો જ પોતાના આત્માની આનંદખાણનો વિલાસ વ્યક્ત થાય છે. આ એક જ રીત છે, બીજી રીત નથી.

અજીર્ણ હોય ને ખોરાક ખાય તો ઝેર થઈ જાય, તેમ પરની રુચિ કરવી તે ખોટો આહાર છે. સ્વાભાવિક શક્તિ નિત્ય પૂર્ણ જ છે, તેની રુચિ નહિ કરતાં પરની રુચિ, રાગની રુચિ કરવી ને તેનું પોષણ કરવું તે અજીર્ણને પુષ્ટિ આપવા બરાબર છે. પોતાની શાંતિ ને આનંદ પોતાની આળસે રહી ગયા છે. વિષય-વાસના, પુણ્ય-પાપની વાસના, દેહ-મન-વાણીની ક્રિયા કરું તો લાભ થાય, આવી રુચિરૂપ ખોટો આહાર લેવાથી આત્માને મિથ્યાજ્વર થયો છે, તેથી વિવેકમલ્લ નિર્બળ બન્યો છે. પ્રથમ વિવેકમલ્લ પ્રગટ થયો હતો ને પછી તે નિર્બળ બન્યો એમ નથી. પણ વ્યવહાર-કથનની એવી રીત છે.

સ્વરૂપાચરણ પારાને શ્રદ્ધાથી સુધારવો. હું શુદ્ધ છું, જ્ઞાયક છું, એવી શ્રદ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારીને સેવન કરે તો મિથ્યાજ્વર મટી જાય ને સબળ થાય. વિવેકનો ઉત્પાદ થતાં અવિવેક નાશ પામે. અવિવેકને વિવેકમલ્લ પછાડે તો આનંદ ભંડારનો વિલાસ સ્વયં થાય. એ સ્વશ્રદ્ધા કેમ થાય તે કહીએ છીએ.

અનાદિ સંસારમાં અનાદિકાળથી પરનો વિચાર કર્યો, દેશને સુધારું, ગામ-કુટુંબ અને શરીરને સુધારું—એવા પરના વિચારમાં અનંતકાળ ગયો. ધર્માત્મા વિચાર કરે છે કે પરના વિચારમાં જ્ઞાનચેતના એકાગ્ર થવાથી અશુદ્ધ થઈ. હવે સ્વઆચારપારાનું સેવન કરવામાં આવે તો અવિનાશીપદને ભેટે. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો આત્મસાક્ષાત્કાર થાય, બીજી કોઈ રીત નથી. (ક્રમશઃ)

*

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.** **–શ્રી સમયસાર**

# એક મોટી દુકાન

## (દુકાન જ્ઞાનીએ જોઈ ખરી, પણ લીધું નહીં કાંઈ)

એક મોટી દુકાનમાં અનેકવિધ જાતજાતનો માલ ભર્યો હતો. એક માણસે તે દુકાન જોઈ, બધું જોયા બાદ તેણે સંતોષ વ્યક્ત કરીને જવા માંડ્યું. ત્યારે દુકાનદાર કહે છે કે કાંઈક ખરીદ તો કરો!

તે માણસે કહ્યું : ભાઈ! તમારી દુકાન સારી છે પણ મારે આમાંથી કોઈ વસ્તુની જરૂર નથી, તેથી હું તે લઈને શું કરું?

તમે દુકાનની પ્રશંસા કરો છો પરંતુ ખરીદતા તો કાંઈ નથી?—એમ કહ્યું, ત્યારે તે કહે છે કે સાંભળ ભાઈ!

ધારો કે તમે એક દવાની દુકાનમાં ગયા, બધી જાતના રોગની ઊંચામાં ઊંચી દવાઓ ત્યાં જોઈને તમે સંતોષ વ્યક્ત કર્યો. પરંતુ તમે તેમાંથી કોઈ જ દવા ખરીદ ન કરી, કેમકે તમને કોઈ જ રોગ ન હોવાથી તમારે દવાની જરૂર ન હતી. તો તે ઉત્તમ? કે તમારે દવા લેવી પડે તે ઉત્તમ?

દવા ન લેવી પડે તે ઉત્તમ, કેમકે તે નીરોગતા સૂચવે છે.

તેમ આ જગતરૂપી જે મોટી દુકાન, તે જડ-ચેતન સમસ્ત પદાર્થોથી ભરેલી છે, બધી વસ્તુઓ પોતપોતાના સ્વરૂપમાં શોભી રહી છે. ત્યાં જેને ઈચ્છારૂપી રોગ લાગુ પડ્યો છે તે તો પરપદાર્થોને સુખહેતુથી ગ્રહણ કરવા માંગે છે. પણ જ્ઞાની તો કહે છે કે હું મારા સ્વરૂપથી પરિપૂર્ણ છું. મારા સ્વરૂપથી જ હું તૃપ્ત ને સંતુષ્ટ છું. ઈચ્છારૂપી રોગ જ મને નથી, પછી હું પરદ્રવ્યના ગ્રહણને શું કરું? દવા ભલે ગમે કેવી ઉંચી હોય પણ જેને રોગ જ નથી તેને તેનું શું પ્રયોજન છે? તેમ પદાર્થો ભલે ગમે તેવા હોય પણ જેને ઈચ્છા જ નથી તેને તેનું શું પ્રયોજન છે? તે તો માત્ર જ્ઞાન કરીને જ સંતુષ્ટ થાય છે. તેનું જ્ઞાન નીરોગ છે—આકુળતા વગરનું છે, ને આવું નીરોગ—નીરાકુળ જ્ઞાન તે જ સુખ છે. જ્ઞાનમાં તૃપ્ત એવો તે જીવ જગતના પદાર્થોને જાણે છે પણ તેમાંથી કોઈને ગ્રહવા ઈચ્છતો નથી. પોતામાં જે અતૃપ્ત હોય તે જ બીજાને ગ્રહવા ઈચ્છે. પર ગ્રહણની જેને ઈચ્છા છે તે દુઃખી છે, સ્વરૂપમાં જે તૃપ્ત છે તે સુખી છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યગ્દર્શન થતું નથી એ પુરુષાર્થની નબળાઈ સમજવી?

ઉત્તર :—વિપરીતતાના લઈને સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની નબળાઈના લઈને ચારિત્ર અટકે છે એના બદલે સમ્યક્ નહિ થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાદોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે ડુંગર જેવડા વિપરીત માન્યતાના દોષને છેદી શકે નહિ.

પ્રશ્ન :—સમયસારમાં શુદ્ધનયનું અવલંબન લેવાનું કહ્યું પરંતુ શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે–પર્યાય છે, શું તે અંશના અવલંબને સમ્યગ્દર્શન થાય?

ઉત્તર—ખરેખર શુદ્ધનયનું અવલંબન ક્યારે થયું કહેવાય?.....એકલા અંશને પકડીને તેના જ અવલંબનમાં અટક્યો છે તેને તો શુદ્ધનય છે જ નહિ; જ્ઞાનના અંશને અંતરમાં વાળીને જેણે ત્રિકાળી દ્રવ્યની સાથે અભેદતા કરી છે તેને જ શુદ્ધનય હોય છે, અને આવી અભેદદૃષ્ટિ કરી ત્યારે શુદ્ધનયનું અવલંબન લીધું એમ કહેવાય છે. એટલે "શુદ્ધનયનું અવલંબન" એમ કહેતાં તેમાં પણ દ્રવ્ય-પર્યાયની અભેદતાની વાત છે; પરિણતિ અંતર્મુખ થઈને દ્રવ્યમાં અભેદ થઈને જે અનુભવ થયો તેનું નામ શુદ્ધનયનું અવલંબન છે, તેમાં દ્રવ્ય-પર્યાયના ભેદનું અવલંબન નથી. જોકે શુદ્ધનય તે જ્ઞાનનો અંશ છે—પર્યાય છે, પરંતુ તે શુદ્ધનય અંતરના ભૂતાર્થસ્વભાવમાં અભેદ થઈ ગયો છે એટલે ત્યાં નય અને નયનો વિષય જુદા ન રહ્યા. જ્યારે જ્ઞાન પર્યાય અંતરમાં વળીને શુદ્ધદ્રવ્ય સાથે અભેદ થઈ ત્યારે જ શુદ્ધનય થયો. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે. આવો શુદ્ધનય કતકફળના સ્થાને છે; જેમ મેલા પાણીમાં કતકફળ ઔષધિ નાખતાં પાણી નિર્મળ થઈ જાય છે, તેમ કર્મથી ભિન્ન શુદ્ધ આત્માનો અનુભવ શુદ્ધનયથી થાય છે, શુદ્ધનયથી ભૂતાર્થ સ્વભાવનો અનુભવ કરતાં આત્મા અને કર્મનું ભેદજ્ઞાન થઈ જાય છે. જુઓ આ સાચી ઔષધિ! અનાદિથી જીવને મિથ્યાત્વરૂપી રોગ લાગુ પડ્યો છે, તે આ શુદ્ધનયરૂપી ઔષધિથી જ મટે. સ્વસન્મુખ પુરુષાર્થ વડે શુદ્ધનયનું અવલંબન લઈને શુદ્ધાત્માનો

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને!**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.** **–શ્રી સમયસાર**

અનુભવ કરતાં જ તત્કાળ ભેદજ્ઞાન થઈ જાય છે અને અનાદિનો ભ્રમણા રોગ મટી જાય છે.

પ્રશ્ન :—કેટલો અભ્યાસ કરે તો સમ્યગ્દર્શન પામી શકાય?

ઉત્તર :—૧૧ અંગનો ઉઘાડ થઈ જાય એટલી રાગની મંદતા અભવીને થાય છે. ૧૧ અંગનું જ્ઞાન ભણ્યા વિના ક્ષયોપશમ ઉઘડી જાય છે, વિભંગજ્ઞાન પણ થઈ જાય છે ને સાત દ્વીપ સમુદ્રને પ્રત્યક્ષ દેખે છે છતાં આ બધું જ્ઞાન થવું તે સમ્યગ્દર્શનનું કારણ નથી.

પ્રશ્ન :—૧૧અંગવાળાને પણ સમ્યગ્દર્શન થતું નથી તો આત્માની રુચિ વિના આટલું બધું જ્ઞાન થાય?

ઉત્તર :—જ્ઞાનનો ઉઘાડ થવો તે મંદ કષાયનું કાર્ય છે આત્માની રુચિનું કાર્ય નથી. જેને આત્માની ખરેખરી રુચિ થાય તેને જ્ઞાન અલ્પ હોય તોપણ રુચિના બળે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન માટે ઉઘાડ જ્ઞાનની જરૂર નથી પણ આત્માની રુચિની જ જરૂર છે.

પ્રશ્ન :—આટલા બધા શાસ્ત્રો છે તેમાં સમ્યગ્દર્શન માટે વિશેષ નિમિત્તભૂત ક્યું શાસ્ત્ર?

ઉત્તર :—પોતે જ્યારે સ્વભાવને જોવાનો ઉગ્ર પુરુષાર્થ કરે ત્યારે તે વખતે જે શાસ્ત્ર નિમિત્ત હોય તેને નિમિત્ત કહેવાય. દ્રવ્યાનુયોગ હોય, કરણાનુયોગ હોય, ચરણાનુયોગનું શાસ્ત્ર હોય તે નિમિત્ત કહેવાય. પ્રથમાનુયોગને પણ બોધિસમાધિનું નિમિત્ત કહ્યું છે.

પ્રશ્ન :—પોતાના આત્માને જાણતા સમ્યગ્દર્શન થાય છે તો અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા જરૂરી નથી ને?

ઉત્તર :—અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા જરૂરી છે. અરિહંતની પૂર્ણ પર્યાયને જાણે તો તેવી પર્યાય પોતાને પ્રગટરૂપ નથી તેથી તેને પોતાના સ્વદ્રવ્ય તરફ લક્ષ કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ને સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થાય છે તેથી અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતા સમ્યગ્દર્શન થયું તેમ કહેવાય છે.

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬. –શ્રી સમયસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત રહિત ધ્રુવ જ્ઞાયક કહ્યો તે તો સમજાય છે, પછી બીજા ફકરામાં કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનમાં પણ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. હવે પ્રશ્ન એ છે કે, અહીં ધ્રુવ જ્ઞાયકની વાત ચાલે છે, તો બીજા ફકરામાં અવસ્થાની વાત કેમ લીધી ? તો શું અવસ્થા સમજાવવાની છે કે ત્રિકાળી જ્ઞાયક સમજાવવાનો છે ? બંનેમાં જ્ઞાયક એક જ છે કે જુદા છે ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયક એક જ છે. આચાર્યદેવને જ્ઞાયક જ સાબિત કરવો છે. જ્ઞાયક તે અનાદિનો જ્ઞાયક જ છે. વિભાવ અવસ્થામાં, પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થામાં, જ્ઞેયાકાર અવસ્થામાં કે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તે જ્ઞાયક જ છે. આચાર્યદેવ કહે છે કે અનાદિથી જે વિભાવની પર્યાય થાય છે તેમાં પણ તે જ્ઞાયક રહ્યો છે, અનાદિથી જ્ઞાયકપણું બદલાયું નથી. સ્વતઃસિદ્ધ જ્ઞાયક છે તે સ્વતઃસિદ્ધ જ્ઞાયકપણે જ રહ્યો છે. પ્રમત્ત-અપ્રમત્તની જે દશા છે તે દશામાં પણ જ્ઞાયક જ રહ્યો છે. ચારિત્રદશામાં જે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં મુનિઓ ઝૂલે છે એટલે કે ક્ષણમાં સ્વાનુભૂતિ અને ક્ષણમાં બહાર આવે તેવી જે પર્યાયો છે તે સાધનાની દશામાં પણ જ્ઞાયક દ્રવ્ય તો જ્ઞાયકરૂપે જ રહ્યું છે, તે અનાદિથી અશુદ્ધ નથી થયું. તે જ્ઞાન, દર્શન, ચારિત્રથી શુદ્ધપણે ઉપાસવામાં આવતો શુદ્ધ જ છે. જ્ઞાયક, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી તો પણ જ્ઞાયક જ છે, ચારિત્રની અવસ્થામાં પણ તે જ્ઞાયક છે, જ્ઞાનની અવસ્થામાં જ્ઞેયાકાર થયો તો પણ તે જ્ઞાયક જ છે. તે જ્ઞેયોને જાણે છે, તો પણ તેનું જ્ઞાયકપણું ફીટતું નથી. સ્વરૂપને જાણતાં નિર્વિકલ્પ દશામાં જાય તો પણ તે જ્ઞાયક છે અને જ્ઞેયોને જાણે તો પણ તે જ્ઞાયક છે, જ્ઞેયોને જાણતાં તેમાં અશુદ્ધતા નથી આવતી. વિભાવ અવસ્થા હોય કે પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા હોય, જ્ઞાયકને કાંઈ અશુદ્ધતા આવતી નથી. શુદ્ધ-અશુદ્ધના ભેદ છે તે પર્યાયના ભેદ છે, દ્રવ્યના ભેદ નથી. એ તો સ્વતઃસિદ્ધ જ્ઞાયક છે. તે બહારમાં જ્ઞેયને જાણતાં પરનું જ્ઞાન વધી ગયું તેથી જ્ઞાનમાં—જ્ઞાયકમાં અશુદ્ધતા આવી ગઈ એવું નથી. અને અંતરમાં જ્ઞાયક ગ્રહણ થતાં સ્વરૂપ પ્રકાશનની સ્વાનુભૂતિની દશામાં પણ જ્ઞાયક તો દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક જ છે. જ્ઞાયક તે

જ્ઞાયક જ છે, જ્ઞેયને જાણે તો પણ જ્ઞાયક છે.


સ્વરૂપપ્રકાશનમાં પોતે જ કર્તા અને પોતે જ કર્મ—એવી પર્યાય પ્રગટ થઈ, છતાં તેમાં પર્યાય સાબિત નથી કરવી પણ જ્ઞાયક સાબિત કરવો છે. તેના સ્વરૂપપ્રકાશનમાં—નિર્વિકલ્પદશામાં ગયો તો પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ભલે તેની સાધનાની પર્યાય—વેદનની પર્યાય—સ્વાનુભૂતિરૂપે પ્રગટ થઈ, તો પણ જ્ઞાયક તે જ્ઞાયક જ છે.

જ્ઞાયક બહારનાં જ્ઞેયોને જુદો રહીને જાણે છે, તેમાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને આવી નથી; તેથી જ્ઞાયક જ છે. તેની પર્યાયમાં અશુદ્ધિ ચારિત્રની અપેક્ષાએ છે, પણ જાણવાની અપેક્ષાએ અર્થાત્ જ્ઞાનના જાણપણાથી અશુદ્ધતા આવતી નથી, કેમ કે તે બહારથી જુદો જ્ઞાયકસ્વરૂપે રહીને અર્થાત્ જ્ઞાયકની હાજરી અને જ્ઞાયકની ધારા રાખીને જાણે છે. તેથી તેમાં અશુદ્ધતા આવતી નથી. અનાદિથી જ્ઞેયની સાથે એકત્વ કરીને જાણતો હતો તોપણ દ્રવ્યમાં અશુદ્ધિ નથી આવતી. જ્ઞાયક પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થામાં પણ જ્ઞાયક છે, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પડે તો પણ જ્ઞાયક જ છે અને અનાદિનો અવસ્થામાં વિભાવ છે તો પણ જ્ઞાયક છે. એમ દ્રવ્ય અપેક્ષાએ તે બધી રીતે જ્ઞાયક છે. કર્તા-કર્મનું અનન્યપણું કહીને પણ તેની પર્યાયની વાત કહેવી નથી, પર્યાય કહીને જ્ઞાયક બતાવવો છે. જ્ઞાયક સ્વાનુભૂતિમાં ગયો—નિર્વિકલ્પ દશામાં સ્વરૂપનું વેદન કરે—તો પણ જ્ઞાયક તે જ્ઞાયક છે. જ્ઞાયક જે અનાદિનો વસ્તુસ્વરૂપે છે તે જ્ઞાયક જે છે તે જ છે. જે મૂળ વસ્તુ છે તેમાં દ્રવ્ય અને પર્યાય એવા બે પ્રકાર નથી. મૂળ વસ્તુ જે જ્ઞાયક છે તે જ્ઞાયક જ છે. પર્યાય પલટાય તે જુદી વાત છે, પણ જ્ઞાયક તે જ્ઞાયક જ છે. જ્ઞાનમાં બહારનું જાણ્યું એટલે જ્ઞાયકપણું કાંઈક ઓછું થયું અને અંદરનું જાણ્યું એટલે જ્ઞાયકપણું કાંઈક વધી ગયું અથવા તો બહારનું વધારે જાણ્યું એટલે જ્ઞાયકપણું વધી ગયું અને અંદરનું જાણ્યું એટલે તે ઘટી ગયું એવું કાંઈ નથી. જ્ઞેયાકારથી જ્ઞાયક અશુદ્ધ થઈ ગયો એવું કાંઈ નથી, દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક તે જ્ઞાયક છે. દ્રવ્ય અનાદિનું છે; તેમાં જેણે દૃષ્ટિ સ્થાપી, તેને જ્ઞાનની પર્યાય હોય કે ચારિત્રની પર્યાય હોય—ગમે તે પર્યાય હોય—તો પણ બધી અવસ્થામાં જ્ઞાયક તે જ્ઞાયક છે—સદાને માટે જ્ઞાયક તે જ્ઞાયક છે. પર્યાય ગમે તે રીતે પરિણમે પણ જ્ઞાયક તે જ્ઞાયક છે એમ કહેવું છે.

જ્ઞાયક સ્વરૂપપ્રકાશનમાં પણ જ્ઞાયક; જ્ઞેયાકારમાં પણ જ્ઞાયક; પ્રમત્ત-અપ્રમત્તમાં પણ જ્ઞાયક ને વિભાવની ગમે તે અવસ્થામાં પણ જ્ઞાયક તે જ્ઞાયક છે. અનાદિથી જ્ઞાયક તે જ્ઞાયક જ છે. દ્રવ્યદૃષ્ટિથી સાધનાની પર્યાય પ્રગટ થઈ તો પણ જ્ઞાયક તે જ્ઞાયક છે એમ આચાર્યદેવનું કહેવું છે.

## બાળ વિભાગ

# એક સિંહની આત્મકથા



(મુનિરાજના સત્સંગનો પ્રતાપ)

એકવાર હું માંસભક્ષી સિંહ હતો, તે સમયે મહાભાગ્યે મને મુનિરાજનો સત્સંગ થયો...તે મુનિવરોના ક્ષણિક સત્સંગથી મારા ક્રૂર પરિણામ તરત જ છૂટી શાંતરૂપ પરિણમી ગયા...અને તેમના ઉપદેશથી હું આત્મજ્ઞાન પ્રાપ્ત કરી પરમાત્મા-પંથનો પથિક બની ગયો.

તે મુનિવરોના સત્સંગની આ સત્ય વાર્તા હું તમને સંભળાવું છું જેને તમે આનંદથી સાંભળો—

અનાદિ-અજ્ઞાનથી વશીભૂત એવો હું ભટકતો-ભટકતો એકવાર ભગવાન ઋષભદેવનો પૌત્ર થયો, જ્યારે ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું કે હું ભવિષ્યમાં તીર્થંકર થવાનો છું. આ સાંભળી મને હર્ષ સાથે અભિમાન થઈ ગયું....અરેરે ! તે સમયે મેં મારા દાદાજી આદિ તીર્થંકરની ધર્મસભામાં પણ આત્મજ્ઞાન પ્રાપ્ત ન કર્યું....અને મિથ્યાદષ્ટિ થઈને અસંખ્ય ભવ ધારણ કરી નરક-નિગોદમાં ભટકતો થકો દુઃખને પામ્યો.

પછી એકવાર સુંદર બગીચાના નિમિત્તે સંસારથી વિરક્ત થઈ મેં આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. અરેરે ! ફરી પાછો વિષય-કષાયને વશ થઈ આત્મજ્ઞાન ભૂલ્યો અને નરક-તિર્યંચગતિમાં ભટક્યો.

હવે હું સિંહ થયો....એકવાર જંગલમાં હરણને મારી માંસ ખાવાની તૈયારી કરતો હતો ત્યારે એકાએક બે સૌમ્ય મુદ્રાધારી મુનિરાજ આકાશમાર્ગેથી આવી મને દર્શન આપ્યા...કેવું અદ્ભુત તેજોમય તેમની મુખમુદ્રા ! તેમની મુદ્રા કેવી અપાર શાંત !! અને નિર્ભય !! તેઓ નિર્ભય થઈને શાંત નજરે મારી સામું વાત્સલ્યભાવથી જોઈ રહ્યા હતા. તેમને જોઈને હું મુગ્ધ થઈ ગયો, અહો ! કેવી સુશોભિત અને કરુણાપૂર્ણ મધુર નજર !!

કોણ છે આ મહાપુરુષ ? શા માટે પધાર્યા છે ? મારા પરમ હિતેષી લાગે છે. મારું ચિત્ત તેમનામાં સ્થિર થઈ ગયું. હું ભૂખ્યો હતો ને શિકાર મારી સામે પડ્યો છે તો પણ તેને ખાવાની મારી ઈચ્છા સમાપ્ત થઈ ગઈ....તે સમયે મને વિચાર આવ્યો કે અરે, ક્યાં મારી હિંસક વૃત્તિ ! અને ક્યાં આ મુનિવરોની પરમ શાન્તિ...!!

તેમનો સાથ મને ખૂબ જ સારો લાગી રહ્યો હતો. આશ્ચર્યપૂર્વક મેં પૂછ્યું—પ્રભુ ! આપ કેમ પધાર્યા છો ? આપની પાસે મને અપૂર્વ શાંતિ મળી રહી છે.

મુનિરાજે વાત્સલ્યસહ હૃદયપૂર્વક મને સંબોધન કર્યું—

"હે ભવ્ય ! અમે ભગવાન પાસેથી આવી રહ્યા છીએ....અને તને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવી તારો ઉદ્ધાર કરવાના ઉદ્દેશથી અહીં આવ્યા છીએ."

અહો ! કેવી આનંદની વાત !! આવા મહાન મહાત્મા આકાશમાર્ગેથી મારો ઉદ્ધાર કરવા પધાર્યા અને તે પણ ભગવાન પાસેથી ! ધન્ય ભાગ્ય !! "હવે તેઓ મને શું કહેશે ?"—આ સાંભળવા મન ઉત્સુક થયું. ત્યારે તેમના શ્રીમુખેથી અમૃતની ધારા વહેવા લાગી—

"સાંભળ ભવ્ય ! આ ભવથી દસમા ભવે તારો આત્મા ભરતક્ષેત્રમાં તીર્થંકર મહાવીર થશે અને વીતરાગી—અહિંસા ધર્મનો ઉપદેશ આપીને લાખો-કરોડો જીવોનું કલ્યાણ કરશે."

"અરે ! હું આ શું સાંભળી રહ્યો છું ? હું તીર્થંકર થઈશ ! અરે મને આ માંસાહારના પરિણામ શોભા નથી દેતા. હું આ શું કરી રહ્યો છું !"—આ પ્રકારે હું પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

ત્યારે મુનિરાજે મને આશ્વાસનપૂર્વક કહ્યું—"હે વત્સ ! ભૂતકાળ તો વીતી ગયો...હવે તેની ચિંતા છોડ...આ માંસ-ભક્ષણાદિ પાપભાવોને હંમેશના માટે છોડ....તારો આત્મા રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપી છે અને તેમાં જ શાંતિ છે, તેને તું જાણ...અને પોતાનામાં શાંતિનો અનુભવ કર !"

બસ, આ સાંભળી હું અંદર આત્મસ્વરૂપના વિચારમાં ખોવાઈ ગયો. કેવો છે આત્મા ? રાગથી ભિન્ન, હિંસાના ભાવથી ભિન્ન, શાંત-શાંત....એવા આત્મામાં કેટલો આનંદ હશે ! હું અંદર જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

મુનિરાજનો સંગ મને ખૂબ જ ઉત્સાહ જાગૃત કરાવી રહ્યો હતો અને તેમનું શાંતસ્વરૂપ મને મારા આત્મસ્વરૂપની પ્રતીતિ કરાવી રહ્યું હતું. મુનિરાજના થોડા સમયના સત્સંગથી મારા પરિણામમાં કોઈ આશ્ચર્યજનક મહાન પરિવર્તન થઈ રહ્યું હતું....મુનિરાજે મને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે ખૂબ જ પ્રેમપૂર્વક કહ્યું—"હે ભવ્ય ! અંદર જો...આત્મા કેવો સુંદર વસ્તુ છે ! સ્વથી એકત્વરૂપ અને પરથી વિભક્તરૂપ તે કેવો શોભાયમાન છે ! તેમાં ચૈતન્યસુખનો ખજાનો ભર્યો છે.

મેં પોતાની અંદર જોયું—"અહો, અદ્ભુત ! આશ્ચર્યકારી !! જેને જોતા મારી ખુશીનો પાર ન રહ્યો...બસ ! પોતાના આત્માને જોતા જ મારું અજ્ઞાન દૂર થઈ ગયું. આત્માના શાંતરસના સ્વાદથી મહાન તૃપ્તિ થઈ...ક્રૂર કષાય પરિણામથી આત્મા ભિન્ન થઈ ગયો...અને કષાયથી ભિન્ન શાંત પરમાત્મ-તત્ત્વને જાણીને, હું પરમાત્મ-પંથનો પથિક બની ગયો. ત્યારબાદ આત્મસાધના કરતા-કરતા હું તીર્થંકર મહાવીર બનીશ."

આ પ્રમાણે મુનિરાજના ક્ષણિક સત્સંગથી મને જે મહાન આત્મલાભ થયો, તેની આ સુંદર વાત સાંભળીને હે સાધર્મી મિત્રો ! તમે પણ જ્ઞાનિઓનો, મુનિરાજનો સત્સંગ કરો અને આત્મલાભ પ્રાપ્ત કરો.... !

## ''કહાન બાલ-યુવા સંસ્કાર શિબિર'' સાનંદ સંપન્ન

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રુઝ સંચાલિત વિલેપાર્લામાં નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિન મંદિરમાં મુંબઈની સર્વે મુમુક્ષુ પાઠશાળાના બાળકો—યુવાનો માટે ''શ્રી કહાન બાળ-યુવા સંસ્કાર શિબિર''નું આયોજન તા. ૫-૨-૨૦૧૭ને રવિવારના દિવસે આનંદમય રીતે પૂર્ણ થયું હતું.

આ એક દિવસની શિબિરમાં મુંબઈના લગભગ ૬૦૦ બાળકો, યુવાનો મળીને ૮૫૦ સાધર્મીઓએ લાભ લીધો હતો. શિબિરમાં સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઘણાં જ જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું સંચાલન થયું હતું. જેનો પ્રારંભ જિનેન્દ્રપ્રભુના દર્શન તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સીડી પ્રવચનથી થયું હતું. કાર્યક્રમોમાં સીડી પ્રવચનો ઉપર પ્રશ્નોત્તરી પછી શ્રી સીમંધર ભગવાનનું પૂજન પાર્લા પાઠશાળાના બાળકો દ્વારા જિનમંદિરમાં અને બાકી રહેલ પાઠશાળાના બાળકો દ્વારા સ્વાધ્યાય ભવનમાં ભાવપૂર્ણ રીતે કરવામાં આવેલ હતું. પૂજન પછી બાળકો માટે વિશેષ આધ્યાત્મિક પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવેલ હતું.

બપોરના કાર્યક્રમમાં જિનમંદિર પરિસર દર્શન તથા ભક્તિ ''નિગોદથી નિર્વાણ સુધીની યાત્રા''ના વિષય ઉપર ક્લાસ, અકલંક-નિકલંકની કથા વગેરે કાર્યક્રમો થયા હતા. બધા કાર્યક્રમ પાર્લાના ભાઈ-બહેનો દ્વારા સ્થાનિક કાર્યકર્તાઓની મદદથી આનંદમય ઉજવવામાં આવ્યા હતા.

---


## તત્ત્વ જિજ્ઞાસુ મુમુક્ષુઓ માટે સુવર્ણપુરી સોનગઢમાં વિશેષ સુવિધા

આધુનિક સુવિધાયુક્ત સંપૂર્ણ ફર્નિચર સાથે સાધર્મી મુમુક્ષુઓના લાભાર્થે એક બેડરૂમ (એરકંડીશન), હોલ, કિચનના ચાર ફ્લેટ 'ગુરુપ્રભાવ' બિલ્ડીંગ, ભાવનગર-પાલિતાણા રોડ, સોનગઢ મધ્યે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

જેઓ સોનગઢમાં આધ્યાત્મિક ગતિવિધિઓમાં સંપૂર્ણ લાભ લેવાના હેતુથી સોનગઢમાં રહેવા ઈચ્છતા હોય તેવા મુમુક્ષુઓ માટે તૈયાર કરવામાં આવેલ આ ફ્લેટમાં ઓછામાં ઓછા ૧૦ દિવસ તેમજ વધુમાં વધુ ૪ અઠવાડિયા (એક મહિનો) સુધી રહી શકાશે.

જેનો વહીવટી મીનીમમ ખર્ચ ટોકનરૂપે લેવામાં આવશે. આ યોજનાનો મુખ્યતઃ આશય તત્ત્વપ્રચાર-પ્રસાર તેમજ સાધર્મી સુવિધાનો જ છે.

બુકીંગ સંપર્ક : શૈલેષભાઈ શાહ —
શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા (વેસ્ટ) મુંબઈ-૫૬
ટેલિફોન : ૦૨૨-૨૬૧૦૪૯૧૨, ૨૬૧૩૦૮૨૦
E-mail : shailesh@vitragvani.com

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૯-૪૬ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૮મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૮મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૨-૩-૨૦૧૭, બુધવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો શ્રી પ્રવીણાબેન મહેતાનાં નિવાસસ્થાને ગયા હતા. ત્યાં પત્રિકાની વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે-ગાજતે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ પત્રિકાનું વાંચન આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુમહિલા મંડળ વતી શ્રી પ્રવીણાબેન મહેતા, શ્રીમતી રેખાબેન નેમિષભાઈ શાહ તથા બ્ર. કોકિલાબેન ખારાએ કર્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રી મહિલા મંડળનો ખૂબ જ ઉત્સાહ વર્તતો હતો.

### પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૨૮મી સાંવત્સરિક ઉપકાર સ્મૃતિતિથિ (સમાધિતિથિ), વૈશાખ સુદ ૧૪ તા. ૯-૫-૨૦૧૭ થી વૈશાખ વદ ૩, તા. ૧૩-૫-૨૦૧૭ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

સંસારમાં એવું કોઈ તીર્થ નથી, એવું કોઈ જળ નથી તથા અન્ય પણ એવી કોઈ વસ્તુ નથી, જેના દ્વારા પૂર્ણપણે અપવિત્ર આ મનુષ્યનું શરીર પ્રત્યક્ષમાં શુદ્ધ થઈ શકે. આધિ (માનસિક કષ્ટ) વ્યાધિ, (શારીરિક કષ્ટ) ઘડપણ અને મરણ આદિથી વ્યાપ્ત આ શરીર નિરંતર એટલું સંતાપકારક છે કે સજ્જનોને તેનું નામ લેવું પણ અસહ્ય લાગે છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક—૬)

## (૪૫)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૩૧ : જીવ અરૂપી છે અને ધર્મ-અધર્મ આકાશ-કાળ દ્રવ્યો પણ અરૂપી છે તો પછી તેમને જીવ કેમ ન કહેવાય ?

ઉત્તર : જીવ અરૂપી છે એ ખરૂ, પરંતુ જીવનું લક્ષણ અરૂપીપણું નથી, જીવનું લક્ષણ તો ચેતના છે, બીજા ચાર અરૂપી દ્રવ્યોમાં ચેતના નથી માટે તે જીવ નથી.

પ્રશ્ન-૩૨ : 'કાગળમાં અક્ષર લખાણા' ત્યાં કાગળમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયું કે નહીં ? કઈ રીતે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તો બધી વસ્તુમાં હોય જ છે. કાગળમાં જ્યારે અક્ષર લખાણા ત્યારે તેમાં લખાણરૂપ દશાની ઉત્પત્તિ થઈ, કોરી દશાનો વ્યય થયો અને કાગળપણે ધ્રૌવ્ય ટકી રહ્યો છે. આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયા છે.

પ્રશ્ન-૩૩ : છ દ્રવ્યના લક્ષણ શું ? છએ દ્રવ્યોના લક્ષણ જુદા-જુદા શા માટે ?

ઉત્તર : જીવનું લક્ષણ ચેતના, પુદ્‌ગલનું લક્ષણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અર્થાત્ રૂપીપણું, ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિમાં નિમિત્ત થવું તે, અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિર થવામાં નિમિત્ત થવું તે, આકાશ દ્રવ્યનું લક્ષણ બધાને જગ્યા આપવી તે અને કાળ દ્રવ્યનું લક્ષણ પરિણમનમાં નિમિત્ત થવું તે છે. છએ દ્રવ્યો જુદા જુદા હોવાથી તે છએના લક્ષણ પણ જુદા-જુદા છે. જુદી જુદી વસ્તુનું લક્ષણ જુદું જુદું જ હોય. લક્ષણની ભિન્નતા વગર વસ્તુની ભિન્નતા ઓળખી શકાય નહિ.

પ્રશ્ન-૩૪ : કાળ દ્રવ્યની સંખ્યા કેટલી છે અને તે કઈ રીતે રહે છે ? તથા કાળ દ્રવ્યના કેટલા ભેદ છે ?

ઉત્તર : લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા જ કાળ દ્રવ્યો છે અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એકેક કાળ દ્રવ્ય રહેલ છે. કાળ દ્રવ્યના બે ભેદ છે, કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે અને સમય, આવલિ, મુહૂર્ત, દિવસ વગેરે કાળ દ્રવ્યના પર્યાયોને વ્યવહારકાળ કહે છે. કાળ દ્રવ્ય અરૂપી છે.

પ્રશ્ન-૩૫ : અસ્તિત્વગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય કે નહિ ?

ઉત્તર : હોય, નવી પર્યાયરૂપે અસ્તિત્વનો ઉત્પાદ, જુની પર્યાયરૂપે અસ્તિત્વનો વ્યય અને અસ્તિત્વગુણનું સળંગ ધ્રૌવ્યપણે ટકી રહેવું—આ રીતે અસ્તિત્વગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

પ્રશ્ન-૩૬ : કોઈએ તમને મોક્ષના બે રસ્તા બતાવ્યા, એક બલુન અને બીજું સલુન, તમે ક્યો રસ્તો પસંદ કરશો ?

ઉત્તર : મોક્ષનો સાચો માર્ગ એક જ પ્રકારનો છે અને તે આત્મામાં જ છે, મોક્ષનો માર્ગ બહારની કોઈ વસ્તુમાં–બલુનમાં કે સલુનમાં—ક્યાંય નથી. બહારના કોઈ સાધનથી જે મોક્ષનો માર્ગ બતાવે તે અજ્ઞાની છે. અમે તો આત્માશ્રિત મોક્ષમાર્ગને જ પસંદ કરશું.

મોક્ષ કોઈ બહારના ક્ષેત્રમાં નથી તેથી મોક્ષ માટે બહારના સાધનની જરૂર નથી. મોક્ષ તો આત્મામાં જ થાય છે. તેથી સમ્યક્ત્વરૂપી સલુન અને ચારિત્રરૂપી બલુન એ જ મોક્ષનો માર્ગ છે.

પ્રશ્ન-૩૭ : પરમાણુના જથ્થાને સ્કંધ કહેવાય છે તો પછી સ્કંધના જથ્થાને શું કહેવાય ?

ઉત્તર : સ્કંધના જથ્થાને પણ સ્કંધ કહેવાય છે.

પ્રશ્ન-૩૮ : છ દ્રવ્યો છે તેમાંથી અરૂપી કેટલા અને જડ કેટલા ? અરૂપી અને જડમાં શું ફેર ? તે ફેર ક્યાં પડ્યો ?

ઉત્તર : છ દ્રવ્યોમાં પુદ્‌ગલ સિવાયના પાંચ દ્રવ્યો અરૂપી છે અને જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે, અરૂપી એટલે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જેમાં ન હોય તે, અને જડ એટલે જેમાં જ્ઞાન ન હોય તે, જીવ દ્રવ્ય અરૂપી છે પણ જડ નથી, પુદ્‌ગલ દ્રવ્ય જડ છે પણ અરૂપી નથી, અન્ય ચારે દ્રવ્યો જડ અને અરૂપી છે.

પ્રશ્ન-૩૯ : અરિહંત પ્રભુને કેટલા પ્રતિજીવી ગુણો પ્રગટ્યા હોય ?–શા માટે ?

ઉત્તર : અરિહંત પ્રભુને એકેય પ્રતિજીવી ગુણો પ્રગટ્યા હોય નહિ કેમકે તેમને હજી ચાર અઘાતિ કર્મનો સદ્‌ભાવ છે, પ્રતિજીવી ગુણ તો સર્વ કર્મના નાશથી સિદ્ધપ્રભુને પ્રગટે છે. જેમકે નામકર્મના અભાવથી સૂક્ષ્મત્વ, ગોત્રકર્મના અભાવથી અગુરુલઘુત્વ, આયુકર્મના અભાવથી અવગાહનત્વ અને વેદનીયના અભાવથી અવ્યાબાધત્વ પ્રગટે છે.

પ્રશ્ન-૪૦ : જ્ઞાન અને ચેતનામાં શું ફેર ?

ઉત્તર : જ્ઞાન તે ચેતનાનો એક ભાગ છે. ચેતનાના બે પ્રકાર છે–એક દર્શન અને બીજો જ્ઞાન. 'જ્ઞાન' કહેતાં એકલું જ્ઞાન ખ્યાલમાં આવે છે, જ્યારે 'ચેતના' કહેતાં તેમાં જ્ઞાન-દર્શન બંને આવી જાય છે.

પ્રશ્ન-૪૧ : અસ્તિત્વ અને ધ્રૌવ્યમાં શું ફેર છે ?

ઉત્તર : અસ્તિત્વમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણે આવી જાય છે અને 'ધ્રૌવ્ય' કહેતાં તેમાં ઉત્પાદ-વ્યય આવતા નથી.

પ્રશ્ન-૪૨ : સ્વભાવનો નાશ થાય છે કે નહિ ? શા માટે ?

ઉત્તર : જે વસ્તુનો જે સ્વભાવ હોય તેનો કદી નાશ થાય નહિ. જો સ્વભાવનો નાશ થાય તો વસ્તુનો જ નાશ થાય, કેમકે વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જુદા નથી. જેમકે જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, જો જ્ઞાનનો નાશ થાય તો આત્માનો જ નાશ થાય, કેમકે જ્ઞાન અને આત્મા જુદા નથી.

# (૪૫)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) મુનિરાજ ................ ના ધારક છે ને ............ ના સાધક છે.

(૨) સંતોએ ................. સમજાવીને જગત પર ઉપકાર કર્યો છે.

(૩) જિનવાણી ................, ..............., .............. નો નાશ કરાવે છે.

(૪) જિનવાણી ............... .............. ................ ની પ્રાપ્તિ કરાવે છે.

(૫) દરેક જીવનો સ્વભાવ .............. અને ............... રૂપ છે.

(૬) શરીર વગર ................ ભગવંતો પરમ ................ છે.

(૭) ..................... સમ રોગ નહીં.

(૮) પોતાની ................ થી જીવ દુઃખી છે.

(૯) આત્માની સાચી સમજણ કરવાથી .................. ભાંગે ને ............ મટે.

(૧૦) પોતાની ................ થી જીવ હેરાન થાય છે.

(૧૧) ................. જીવને હેરાન કરતા નથી.

(૧૨) અજ્ઞાનતાને કારણે જીવ ............... થી માંડીને ............... ગ્રેવૈયક સુધી ભટક્યો.

(૧૩) જીવને સંસારમાં ઝાઝો કાળ .................. માં જ વીત્યો.

(૧૪) જીવ શરીરથી જુદો સદા ............... રૂપ જ રહ્યો છે.

(૧૫) ઈંડામાં ................ જીવ છે તેનું ભક્ષણ ............... છે.

(૧૬) સિદ્ધદશા આત્માના .............. થી ભરેલી છે.

(૧૭) નરકાદિમાં તીવ્ર ................. નું દુઃખ છે.

(૧૮) સિદ્ધ ભગવંતો અને નિગોદિયા જીવો એક જગ્યામાં .................. રહે.

(૧૯) ચાર ગતિમાં ઓછામાં ઓછા જીવ .................. ગતિમાં છે.

(૨૦) મનુષ્યના ઉપરાઉપરી ..................... ભવ થઈ શકે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન માર્ચ—૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) એક — અચેતન | (૮) આત્મા | (૧૪) જીવ — અજીવ |
| (૨) પુદ્‌ગલ — અમૂર્ત | (૯) મિથ્યાત્વ — સમ્યક્ત્વ | (૧૫) જડ — આત્મા |
| (૩) અનુભવ | (૧૦) આત્મા — સર્વજ્ઞ | (૧૬) અત્યંત |
| (૪) જીવ — અજીવ | (૧૧) આનંદધામ | (૧૭) ચૈતન્ય |
| (૫) સ્વરૂપ — મિથ્યાત્વ | (૧૨) શરીર — રાગ | (૧૮) જીવ — શરીર |
| (૬) શરીર — રાગ | (૧૩) સમ્યક્ત્વ — ચારિત્ર | (૧૯) ચેતન |
| (૭) ઉપયોગ | | (૨૦) આત્મા — ભિન્ન |

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૧૦૪મી જન્મજયંતી

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૪મો મહામાંગલિક જન્મોત્સવ શ્રાવણ સુદ-૧૩, શનિવાર, તા. ૫-૮-૨૦૧૭ થી શ્રાવણ વદ-૨ બુધવાર, તા. ૯-૮-૨૦૧૭ એમ પાંચ દિવસીય મહોત્વરૂપે વઢવાણ, જોરાવરનગર, લીંબડી તેમજ સુરેન્દ્રનગરના બંને મંડળો તરફથી હર્ષોલ્લાસ સહ ઊજવવાનું નક્કી થયેલ છે. તો આ પ્રસંગે દરેક મુમુક્ષુભાઈ-બહેનોને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

## પૂજ્ય બહેનશ્રી જન્મધામ વઢવાણ દર્શન

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૪મા મહામંગલકારી જન્મોત્સવ શ્રાવણ વદ-૨, તા. ૯-૮-૨૦૧૭, બુધવારના દિવસે સોનગઢમાં સવારનો કાર્યક્રમ પૂરો થયા પછી બપોરે પૂજ્ય બહેનશ્રી જન્મધામ વઢવાણની યાત્રાનો કાર્યક્રમ રાખેલ છે. સોનગઢથી બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. મુંબઈ તરફના યાત્રીકોએ ટ્રેનમાં જવાની ટીકીટમાં બોર્ડિંગ સુરેન્દ્રનગર કરાવવા વિનંતી.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયા છે. ૨૦૬.

● વસ્તુ શરીરને અડ્યુ નથી. શરીર કર્મને અડ્યું નથી. કર્મ વિકારને અડેલ નથી. વિકાર નિર્મળ પર્યાયને અડેલ નથી. નિર્મળ પર્યાય દ્રવ્યને અડેલ નથી. આહાહા ! વસ્તુસ્વભાવ સૂક્ષ્મ છે એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. એક ગુણમાં બીજા ગુણનો અભાવ છે, એક પર્યાયનો બીજા પર્યાયમાં અભાવ છે. વિભાવ વ્યંજન પર્યાયનો સ્વભાવ વ્યંજન પર્યાયમાં અભાવ છે. આ વસ્તુસ્વભાવ સર્વજ્ઞે જેવો જોયો તેવો કહ્યો છે. ૨૦૭.

● રાગ સ્વભાવને સ્પર્શ્યો નથી એ વાત બેઠા વિના નિમિત્ત ઉપાદાનને સ્પર્શતું નથી એ વાત નહીં બેસે. ૨૦૮.

● જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતા નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૨૦૯.

● પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ. તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે, આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય જ નથી. ૨૧૦.

● કેવળજ્ઞાનનો કેવો આનંદ છે અને કેવું સ્વરૂપ છે એનો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૨૧૧.

● દૃષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યા ? એ તો રુચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તોપણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે. ૨૧૨.

● વિકારની તુચ્છતા ભાસે તો વીર્ય ત્યાંથી ખસે, અને સ્વભાવની મહિમા ભાસે તો વીર્ય ત્યાં ઢળે. ૨૧૩.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૭
અંક-૮ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-4-2017
Posted on 1-4-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## વસ્તુસ્થિતિ તો આવી છે

ધ્યાન તે પર્યાય છે અને ધ્યેય તે દ્રવ્ય છે એવા અનેક પ્રકારના વિકલ્પોવાળું શુભ તપ છે. એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ધ્યાનમાં અનેક પ્રકારની કલ્પના કરે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આત્મા આવો છે, આવો છે—એમ અનેક પ્રકારથી કલ્પના કરે તે પણ કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા, આચાર્યદેવ નિયમસારમાં કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે, તમારે સમજવું હોય તો સમજો, વસ્તુસ્થિતિ તો આવી છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું જે કાંઈ શુભાશુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે, આવું જાણીને જે બુદ્ધિમાન પુરુષો છે તે સહજ પરમાનંદરૂપી પીયૂષના પુરમાં લીન થઈ સહજ એક પરમાત્મસ્વરૂપનો આશ્રય કરે છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org